# આત્મા
# અને
# પરમાત્માનો પરિચય



# આત્મા
# અને
# પરમાત્માનો પરિચય

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**
પાંડવ ભવન, માઉન્ટ આબુ (રાજસ્થાન)

* પ્રકાશક *
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
પાંડવ ભવન, માઉન્ટ આબુ (રાજસ્થાન)

**સ્વયં પરમપિતા પરમાત્મા શિવે પ્રજાપિતા
બ્રહ્મા દ્વારા જે જ્ઞાન આપ્યું છે,
તેના આધાર પર આ
પુસ્તક લખવામાં
આવ્યું
છે.**

* મુદ્રક *
ઓમશાંતિ પ્રેસ
જ્ઞાનામૃત ભવન, શાંતિવન, તળેટી,
પો. ઓ. મુદરલા,આબુરોડ - ૩૦૭ ૦૨૬
(રાજસ્થાન)

## પ્રારંભિક

# મનુષ્ય અને ભગવાનમાં અંતર

મનુષ્ય અલ્પજ્ઞ છે અને ઘણી પરિસ્થિતિઓમાં અસમર્થ પણ છે. મનુષ્યની એ અવસ્થા પર વિચાર કરો કે જ્યારે તે નાનો બાળક હોય છે, ત્યારે તે બોલવાનું પણ નથી જાણતો અને પોતાનું રક્ષણ પણ નથી કરી શકતો. પોતાના ભોજન તથા પ્રાણ - રક્ષણ માટે તે બીજા ઉપર નિર્ભર હોય છે. મોટો થયા પછી સંસારમાં અનેક પ્રકારની વિકટ પરિસ્થિતિઓનો સામનો કરવો તેના માટે કઠિન થઈ જાય છે અને અંતમાં જયારે કાળ આવે છે, ત્યારે તેની સામે પણ તેનું કાંઈ જ નથી ચાલતું. ઈતિહાસ - પ્રસિધ્ધ સિકંદર અને નેપોલિયન તથા આધુનિક કાળમાં અમેરિકાના પ્રમુખ કેનેડી વિશાળ લશ્કરના સર્વોચ્ચ સત્તાધીશ હોવા છતાં કાળની સામે કેવા અસમર્થ હતા તે બધાને વિદિત છે. મનુષ્ય જે ભૂલો કરી બેસે છે, તેનું દુષ્પરિણામ પણ તેણે ભોગવવું પડે છે અને પહેલાંની કરેલી ભૂલો પણ તેની સામે આવે છે. સાધુસંત, આચાર્ય-પંડિત બધા પોતપોતાના કર્મોથી બંધાયેલા છે અને તેના અનુસાર જ આયુષ્ય તથા સુખદુ:ખ પામે છે. મનુષ્ય પ્રાકૃતિક પ્રકોપો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે સામે પણ પોતાને અસમર્થ જુએ અને અનુભવે છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે અતીત અને અનાગતને પૂર્ણ રૂપે જાણવા માટે અશક્તિમાન તથા કાળ અને કર્મભોગને આધિન હોવાં છતાં પણ મનુષ્યમાં અભિમાન બહુ છે. તે આત્માને જ પરમાત્મા માને છે !! એ તો મિથ્યા અભિમાન જ છે.

અમારો આ કહેવાનો એ ભાવ નથી કે મનુષ્યમાં ફક્ત નબળાઈઓ અને દુર્બળતાઓ છે. અમે માનીએ છીએ કે મનુષ્ય મહાન પણ બની શકે છે. પરંતુ અમારું નમ્ર નિવેદન છે કે મનુષ્ય ભગવાન નથી. આજે આત્મા અને પરમાત્માનો પરિચય ના હોવાને કારણે

મનુષ્ય સ્વયંને જ ભગવાન માનીને 'અહમ્ બ્રહ્માસ્મિ' અથવા 'શિવોઽહમ્' ની માન્યતાઓ ધરાવે છે.

વાસ્તવમાં પરમાત્મા તો એક અત્યંત મહાન શક્તિ છે, તેની પ્રેમપૂર્વકની સ્મૃતિ માત્રથી જ મનુષ્યને અપાર આનંદ પ્રાપ્ત થાય છે. તેની પાસેથી જ મનુષ્ય સદ્‌બુધ્ધિ અને સદ્‌ગતિ પણ પામી શકે છે. તે પરમપિતા જ કાળ અને કર્મબંધનથી પણ છોડાવનાર છે. એટલે મનુષ્યે પોતાની અને પરમપ્રિય પરમપિતા પરમાત્માની ઓળખ પ્રાપ્ત કરીને તેના આધાર પર તે પરમપિતા સાથે સંબંધ જોડવો જોઈએ. અર્થાત્ યોગયુક્ત થવું જોઈએ જેથી તેનું જીવન નિર્વિકારી અને આનંદમય થઈ શકે. આ પ્રયોજનથી આ પુસ્તક લખવામાં આવ્યું છે. આમાં અનેક મતોની સમીક્ષા કરતાં આત્મા અને પરમાત્માનો સાચો પરિચય, જે સ્વયં સત્યસ્વરૂપ, પતિતપાવન પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના મુખકમળ દ્વારા આપ્યો છે વર્ણન કરવામાં આવ્યો છે. પ્રભુપ્રેમીઓ માટે આ એક પ્રભુ - પ્રસાદ છે.

---- સંજય

## અમૃત- સૂચિ


| ક્રમ નં | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | (ભૂમિકા) ભગવાનનો પરિચય | ૫ |
| ૨. | 'પરમાત્મા' અથવા 'ભગવાન' ની વિશેષતાઓ | ૬ |
| ૩. | ભગવાન કોણ છે ? | ૧૨ |
| ૪. | પરમાત્માનો સત્ય પરિચય | ૨૦ |
| ૫. | આત્માઓ અનેક છે અને પરમાત્મા એક છે. સંવાદ (૧) | ૩૧ |
| ૬. | આત્માઓ અનેક........ સંવાદ (૨) | ૩૯ |
| ૭. | હું એક છું | ૪૮ |

## ભૂમિકા

# ભગવાનનો પરિચય

'હે ભગવાન', 'ઓ ગોડ' (O God) - આ શબ્દોથી કરોડો લોકો ભગવાનને પોકારે છે પરંતુ તેઓ સ્પષ્ટ રૂપથી જાણતા નથી કે ભગવાન અથવા પરમાત્મા કોણ છે? જેમ માતા, પિતા વગેરે શબ્દ બોલતાં જ મનુષ્યના મનમાં સ્પષ્ટ રૂપે પોતાના માતા અને પિતાનું રૂપ, સ્વભાવ, સંબંધ વગેરે સામે આવી જાય છે તે જ રીતે 'પરમાત્મા', જેને તે પોતાના 'માતા-પિતા' માને છે, યાદ કરતી વખતે તેના માનસપટ પર કોઈ સુસ્પષ્ટ પરિચય પ્રગટ નથી થતો. અને ઘણા લોકો તો ભગવાનના યથાર્થ પરિચયથી અજ્ઞાત હોવાને કારણે પોતાના મતપ્રવર્તક, ધર્મગ્રંથના લેખક અથવા કોઈ દેવતાને પણ ભગવાનની સંજ્ઞા આપી દેછે, ઉદાહરણ તરીકે બૌધ્ધ-ધર્મના અનુયાયી બુધ્ધને 'ભગવાન બુધ્ધ.' જૈન ધર્મના લોકો, મહાવીરને 'ભગવાન મહાવીર'. ખ્રિસ્તી ધર્મને માનનાર ઈશુ ખ્રિસ્તને 'ભગવાન ઈશુ' (Lord Christ ) તથા આદિ સનાતન ધર્મને માનનારા લોકો શ્રી કૃષ્ણ, શ્રીરામ, વ્યાસ તથા શંકર વગેરેને 'ભગવાન કૃષ્ણ', 'ભગવાન રામ', 'ભગવાન વ્યાસ', 'ભગવાન શંકર' વગેરે કહે છે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે શું આ બધાને 'ભગવાનની' ઉપાધિ (degree ) આપવી બરાબર છે કે 'ભગવાન' શબ્દ આ બધાથી ભિન્ન કોઈ સર્વોચ્ચ આત્મા માટે છે? ભગવાનના ગુણ અને લક્ષણ તથા સ્વરૂપ અને કર્તવ્ય શું છે? કોઈ એવો વિશેષ ગુણ કર્મ, સ્વભાવ પ્રભાવ, રૂપ અને સંબંધ વગેરે છે. જેનાથી આપણે ભગવાનને ઓળખી શકીએ? હવે અમે પોતાના અનુભવને આધારે, સરળતાથી આ પ્રશ્ન પર વિચાર કરીશું.

---- સંપાદક

# 'પરમાત્મા' અથવા 'ભગવાન' ની વિશેષતાઓ

આપણે જોઈએ છીએ કે જેટલા પણ મનુષ્ય છે, તે બધામાં જ્ઞાન, સ્વરૂપ-સ્થિતિ, પવિત્રતા, શાન્તિ, આનંદ, શક્તિ અને પ્રેમ વગેરેમાં કોઈને - કોઈની કાંઈ ને કાંઈક ખામી અથવા 'અપૂર્ણતા' અવશ્ય છે. તે ખામી અથવા અપૂર્ણતાને પૂરી કરવા માટે જ તે કર્મ, પુરુષાર્થ અથવા સાધના કરે છે. પછી, આપણે એ પણ જોઈએ છીએ કે આ મનુષ્યોમાંથી કોઈ અધિક જ્ઞાનવાન છે. તો કોઈ ઓછો, કોઈ અધિક પવિત્ર, શાંત અને શક્તિવાન છે તો કોઈ આ દ્રષ્ટિકોણથી હજુ પાછળ છે. જે અધિક જ્ઞાનવાન સ્વરૂપ-સ્થિત, પવિત્ર અને આત્મિક શક્તિથી સંપન્ન હોય છે, તેને આપણે 'મહાત્મા' કહીએ છીએ, મનુષ્યોમાં જ્ઞાન, શાંતિ, શક્તિ વગેરે કક્ષાઓ અથવા કળાઓ (degrees) જોઈને સ્પષ્ટ સંકેત મળે છે કે કોઈ એવો પણ આત્મા હશે જેનામાં બધાં ગુણો આથવા વિભૂતિઓની પૂર્ણતા હશે તેવા સદા સંપૂર્ણ આત્માને પરમાત્મા અથવા 'ભગવાન' કહેવામાં આવે છે. મનુષ્ય થોડો ઘણો અલ્પજ્ઞ અને અસમર્થ હોવાને કારણે એવા કર્મ કરી બેસે છે જેના ફળ સ્વરૂપે તેને સુખ અથવા દુઃખ ભોગવવું પડે છે અને ફરીથી દેહ લેવો પડે છે. પરંતુ પરમાત્મા તો અનાદિ કાળથી જ્ઞાન, શક્તિ, શાંતિ, આનંદ વગેરે લક્ષણોથી તથા બધા દિવ્ય ગુણોથી સંપૂર્ણ છે. તેમની કળાઓ અનંત છે અને ક્યારેય ઘટતી વધતી નથી. એટલે તેમને ના તો દેહ લેવો પડે છે કે ના તો તેમને જન્મ લઈને ક્યારેય સુખ-દુઃખ ભોગવવું પડે છે એટલે ના તો તેમના કોઈ માતા પિતા છે, ના કોઈ સુખ શાંતિ અને મુક્તિની રાહ બતાવનાર ગુરુ છે, પરંતુ સ્વયં 'સદામુક્ત સ્વરૂપ' છે અને સદા સંપૂર્ણ હોવાને કારણે તેઓ સર્વે મનુષ્યને સાચો માર્ગ - પ્રદર્શિત કરનાર ગુરુ છે તથા સુખ - શાંતિરૂપી

સંપત્તિ આપનાર 'પિતા' પણ તે જ છે. સ્વયં ક્લેશ અને કર્મોના બંધનથી રહિત છે, અર્થાત્ તે કર્માતીત હોવાને કારણે ક્યારેય કર્મજન્ય શરીર નથાં લેતા અને કર્મફળ પણ નથી ભોગવતા.

## ભગવાનનાં લક્ષણ, ગુણ, કર્મ, સ્વભાવ, પ્રભાવ વગેરે

એટલે સંક્ષિપ્તમાં પરમાત્મા અથવા ભગવાનના સ્વરૂપ, ગુણ, કર્મ, પ્રભાવ, સંબંધ વગેરેનો પરિચય દેવાના ઉદ્દેશથી એમ કહી શકીએ છીએ કે પરમાત્મા જ્ઞાનસાગર, સદાસ્વરૂપસ્થ, પરમપવિત્ર, શાંતિસ્વરૂપ, આનંદસ્વરૂપ, પ્રેમસ્વરૂપ, સર્વશક્તિમાન, અજન્મા અને સુખ - દુ:ખથી સદા ન્યારા અર્થાત્ અભોક્તા અને સદામુક્ત છે. તેમની સ્મૃતિથી આત્મા પર એ પ્રભાવ પડે છે કે તેના વિકર્મ દગ્ધ થઈ જાય છે. પરમપિતા પરમાત્માના સ્વભાવિક કર્મોનો પણ એ પ્રભાવ પડે છે કે તેનાથી આખા સંસારમાં શાંતિ અને સુખની પુનઃસ્થાપના થઈ જાય છે અને મનુષ્યોને કર્મોના પરિણામે થયેલા દુઃખ અને અશાંતિનો નાશ થઈ જાય છે : જે આત્માને આ લક્ષણો લાગુ પડતા નથી જે સત્, ચિત અને આનંદ સ્વરૂપ નથી, તેને આપણે 'પરમાત્મા' નથી કહી શકતા એ વાત સારી રીતે સિધ્ધ કરી શકાય છે. ઈન્સાનો (મનુષ્યો) માંથી કોઈ મહાન આત્મા (મહાન) હોય છે અને કોઈ 'દુરાત્મા' અને કોઈ તો દિવ્ય ગુણોની પ્રબળતા તથા પવિત્રતાની પરાકાષ્ઠાને કારણે 'દેવાત્મા' (દેવતા) પણ હોય છે, પરંતુ ઈન્સાન તો ઈન્સાન છે, તેને 'ભગવાન' કહેવો ખોટું છે. જેમ મનુષ્ય તનમાં બિરાજમાન આત્મા 'જ્યોતિબિન્દુ' માત્ર છે, મહાત્માઓના તનમાં રહેનારો આત્મા પણ જ્યોતિબિન્દુ રૂપ જ છે. સૂક્ષ્મ દેવતાઓ (ફરિશ્તાઓ)ના પ્રકાશમય તનમાં પણ આત્મા જ્યોતિબિન્દુ છે, તે જ રીતે પરમાત્મા પણ એક - 'જ્યોતિબિન્દુ' જ છે, અંતર ફક્ત એજ છે કે તે 'સર્વશ્રેષ્ઠ અને સંપૂર્ણ ' છે અને 'કર્માતીત'

છે, ન સ્થૂલ દેહ છે, ન સૂક્ષ્મ કાયા. આ માટે જ તેમને 'નિરાકાર' **(incorporeal)** એટલે કે 'શારીરિક આકારથી સદા રહિત' પણ કહેવાય છે. એ નિરાકાર અને સંપૂર્ણ પરમપિતા પરમાત્મા બધાનું કલ્યાણ ચાહે છે અને કલ્પના અંતમાં, જયારે બધા મનુષ્યાત્માઓ પોતાની અલ્પજ્ઞતા અને અસમર્થતાને કારણે કર્મભ્રષ્ટ (અપવિત્ર) થઈને પોતાનું અકલ્યાણ કરીને અશાંત થાય છે ત્યારે તેઓ જ આ સંસારમાં આવીને તેમને ઈશ્વરીય જ્ઞાન તથા યોગનો સહારો આપીને બધાને પતિતમાંથી પાવન, દુઃખીમાંથી સુખી અને બંધનમાંથી મુક્ત કરે છે. તે પછી યુગો સુધી સંસારમાં ધર્મ, પવિત્રાતા, સુખ અને શાંતિનું અખંડ સામ્રાજય રહે છે, એટલા માટે ભગવાનને પતિતપાવન, સંસાર સાગરથી પાર ઉતારનાર, સુખ-શાંતિના દાતા, વિષય-વિકાર છોડાવનાર વગેરે શબ્દો દ્વારા યાદ કરવામાં આવે છે.

ભગવાનના આ રૂપને ધ્યાનમાં રાખીને તો બુધ્ધ, મહાવીર વગેરે મત પ્રવર્તકોને તમે ભગવાન નહીં કહી શકો, કેમકે અપૂર્ણતા અને કર્મવિપાકતાને કારણે તેમણે માતાના ગર્ભ દ્વારા જન્મ લીધો છે અને તેમને પહેલાં થોડી અશાંતિ થઈ જે કારણે જ તેમણે ઘરબાર છોડી દીધા હતા અને તે 'સર્વશક્તિમાન' અથવા નિરાકાર (દૈહિક આકાર રહિત) પણ ન હતા. મહાવીર, બુધ્ધ, વ્યાસ, ઈશુ, શંકરાચાર્ય વગેરેએ તો આનંદની પ્રાપ્તિ માટે સાધના, ભક્તિ મનન ચિંતન અથવા સંન્યાસ કર્યો. તેઓ સદાસર્વદા અખંડ અને એકરસ આનંદમાં સ્થિત અને અવ્યક્ત ન હતા. તેઓ આનંદની પ્રાપ્તિના આકાંક્ષી હતા અને તેના માટે પુરુષાર્થી હતા અથવા તેમને પુરુષાર્થાનુસાર કાંઈક આનંદની પ્રાપ્તિ થઈ પણ, તેઓ આનંદના સાગર ન હતા. તેમને સ્વરૂપથી અનાદિકાળથી આનંદ પ્રાપ્ત ન હતો. તેઓ હડ્ડી - માંસના બંધનમાં અથવા કર્મ અને કર્મજન્ય શરીરના બંધનમાં પણ હતા અર્થાત્ તેઓ

સદા-સર્વદા મુક્ત ન હતા પરંતુ મુક્તિને માટે પ્રયત્ન અથવા સાધના કરતા હતા એટલે તેમને આપણે 'મત-પ્રવર્તક' મુનિ અથવા સાધુની ઉપાધિ (degree) આપી શકીએ છીએ પરંતુ ભગવાનના પૂર્વોક્ત લક્ષણોને માનતા. આપણે તેમને 'ભગવાન' ની સંજ્ઞા આપી ન શકીએ.

## શું શ્રીકૃષ્ણ, શ્રીનારાયણ અને શ્રીરામ વગેરેને 'ભગવાન' અથવા 'પરમાત્મા' કહી શકાય !

આ લેખની શરૂઆતમાં અમે જે 'ભગવાન'ની ઓળખ બતાવી છે, તેને ધ્યાનમાં રાખીને નિષ્પક્ષ ભાવથી વિચાર્યા પછી તમે માનશો કે શ્રીકૃષ્ણ, શ્રીનારાયણ અને શ્રીરામે પણ સ્વ- શરીર તો લીધું હતું. અને શ્રેષ્ઠ કર્મોના આધારે તેમના માતા - પિતા, સ્ત્રી, સંબંધી, કુળ, જીવનકાળ વગેરે પણ હતા. તેમણે સુખ - સૌભાગ્ય, આયુષ્ય પણ ભોગવ્યું. તે આખી સૃષ્ટિના માતા પિતા ન હતા પરંતુ તેમના પોત-પોતાના માતા - પિતા, પુત્ર, પૌત્ર વગેરે હતા, એટલે ગુણો અને કર્મોની પવિત્રતાની દૃષ્ટિએ મહાન હોવા છતાં તેમને ભગવાન કહી ન શકાય. જેના પોતાના કર્મ, શરીર, માતા-પિતા અને શારીરિક ભોગ હોય તેમને 'મહાત્મા' અથવા 'દેવાત્મા' જ કહી શકાય છે. એટલે ભાવના, કલ્પના અથવા જ્ઞાનરહિત શ્રદ્ધાની અવસ્થામાં કોઇ બધાને 'ભગવાન' કહી દે તે અલગ વાત છે. પરંતુ સત્ય જ્ઞાનના આધારે તો શ્રીનારાયણ, શ્રીકૃષ્ણ તથા શ્રીરામને અને શ્રી લક્ષ્મી, શ્રી રાધા, શ્રી સીતાને 'ભગવાન' અથવા 'ભગવતી' ન માનતા 'દેવતા અને દેવી' જ માનવા યોગ્ય છે. કેમકે તેમનામાં દૈવી ગુણ તો હતા પરંતુ અહીંયા ભગવાનના જે લક્ષણો બતાવવામાં આવ્યા છે તે તેઓમાં ન હતા. ભગવાન તો એક સર્વોત્તમ આત્માનું નામ છે જેને અન્ય ભાષા-ભાષી વ્યક્તિઓ ઇશ્વર એક છે (God is One) તે પરમ આત્મા છે (He is supreme soul) અલ્લાહહુ અકબર (પરમાત્મા બધાથી

મહાન છે.) ઇત્યાદિ વાક્યોથી અથવા વાકયાંશોથી અભિવ્યક્ત કરે છે. ભગવાનની કોઇ 'ભગવતી' નથી હોતી. અર્થાત્ તેમના જેવું બીજું કોઇ નથી એટલે બધાને 'ભગવાન' અથવા 'ભગવાનનું રૂપ' માનવાથી અથવા દેવતાઓને 'ભગવાન' સમજવાથી જ મનુષ્યે ભગવાનનાં મહાત્મ્યને ગુમાવી દીધું છે. અને તે ભગવાનથી મળનારા અલૌકિક સુખથી વંચિત રહી ગયો છે.

કોઇ કહી શકે છે કે શ્રીકૃષ્ણ અને શ્રીરામ 'ભગવાન' તો ન હતા પરંતુ 'ભગવાનનો અવતાર' હતા. પરંતુ શું તે કહેવું યુક્તિયુક્ત અને સત્ય છે?

જે લોકો પરમાત્માને સર્વવ્યાપક અને કણ-કણ વાસી માને છે. તેમનાં સિદ્ધાંતમાં તો 'અવતાર' શબ્દ સ્થાન જ નથી પામી શકતો કેમકે જે સર્વવ્યાપી છે. અર્થાત્ પહેલેથી જ બધામાં વ્યાપક છે તે ઊતરશે ક્યાંથી અને આવશે ક્યાં ! જ્યારે તે પહેલેથી જ ત્યાં છે? 'અવતાર' શબ્દનો પ્રયોગ તો કોઇ એકદેશી (પરમધામના વાસી), સર્વશક્તિમાન, કર્માતીત અને મુક્ત આત્માનો આ મનુષ્ય લોકમાં ઊતરવાનો અને કોઇ પોતાનું કર્મજન્ય શરીર ન લઇને કોઇ અન્યની કાયા (પરકાયા)માં પ્રવેશ કરવાનો વાચક છે. * પરંતુ શ્રીકૃષ્ણ અને શ્રીરામે તો સ્વકાયા લીધી હતી અને નિજી કર્માનુસાર બાળપણ, યુવાદિ અવસ્થાઓ તથા શારીરિક ભોગ પણ ભોગવ્યા હતા. એટલે તેમને પૃથ્વીના દેવતા કહી શકાય કારણ કે સર્વદૈવી ગુણસંપન્ન હતા અને મનુષ્ય લોકમાં તથા મનુષ્યોથી શ્રેષ્ઠ હતા અને વિષ્ણુ દેવતાના સાકાર રૂપ હતા. વિષ્ણુ તો બ્રહ્મા અને શંકરની જેમ એક દેવતા છે.

* આ વિષય પર અલગ જં એક પુસ્તક છપાયું છે, તે વાંચો.

## શું ભગવાન એક અનુમાન છે કે અનુભવ?

એવી શંકા કરવાવાળા લોકો પણ સંસારમાં ઘણા છે જે કહે છે કે - 'ભગવાનના જે ગુણ, કર્મ, સ્વરૂપ, પ્રભાવ વગેરે બતાવવામાં આવ્યા છે, તે બધા કલ્પના માત્ર છે. તે કહે છે કે અમે પરમાત્માને કેવી રીતે માનીએ? અગર તે સાચે જ કોઈ ચીજ છે તો બતાવો તે કયાં છે? શું આજ સુધી કોઇએ પરમાત્માને જોયા છે? અગર તે છે તો આજે સંસારમાં દુ:ખ, અંશાતિ અને લડાઇ-ઝઘડા કેમ છે? પરમાત્માએ આવી દુ:ખ અને અશાંતિવાળો સંસાર કેમ રચ્યો? શું તે આપણને લડાવીને તમાશો જુએ છે? અમે તો આવા પરમાત્માને માનવા માટે તૈયાર જ નથી'.

પરમાત્માના જે ગુણ, કર્મ, સ્વરૂપ વગેરે અહીંયા વર્ણિત કર્યા છે, ફક્ત અનુમાનથી જ સિદ્ધ નથી થતા પરંતુ અનુભવ કરી શકાય છે. પરમાત્માને કેટલીયવાર કેટલાયે અહિંયા દિવ્ય નેત્રો દ્વારા જોયા છે અને દિવ્ય બુદ્ધિ અથવા દિવ્ય ચક્ષુ દ્વારા તમે પણ તેમને જોઇ શકો છો. વાત ફક્ત એટલી જ છે કે પરમાત્મા શરીરમાં વ્યકત નથી. જેમ કે આત્મા છે, એટલે તેને જાણવા, અનુભવ કરવા અને જોવાને માટે આપણે શરીરથી ન્યારા આત્મ-સ્વરૂપમાં સ્થિર થવાની આવશ્યકતા છે. 'આત્મા' છે, એ તો આપણને એ દાયકાઓ પરથી પણ ખબર પડે છે કે કેટલાક બાળકો પોતાના પૂર્વ-જન્મના હાલચાલ બતાવે છે. શરીરમાં ચૈતન્યની અભિવ્યકિત, મૃત્યુ પછી શરીરનું નિર્જીવ થઇ જવું, કર્મ-સિદ્ધાંત વગેરેના આધાર પર પણ આત્માનું અસ્તિત્વ તો સિદ્ધ થઇ જ જાય છે. જયારે આપણે કર્મોની શુદ્ધિ, આહારવિચારની શુદ્ધિ અને આત્માનિષ્ઠાનો અભ્યાસ કરીએ છીએ તો આપણને ન કેવળ પરમાત્માના ગુણોનો અનુભવ થાય છે પરંતુ પરમાત્મા જયારે સંસારના અત્યંત દુ:ખમય કાળ (કળિયુગના અંતિમ સમય)માં પરમધામથી

ઊતરીને, આ મનુષ્યલોકમાં આવે છે તથા એક મનુષ્ય શરીરમાં પ્રવેશ કરીને પોતાનો પરિચય તથા ઉપદેશ-આદેશ આપે છે. તો તેને સાંભળવાથી તથા તેમનું માર્ગ-પ્રદર્શન, સહાયતા અને દિવ્ય વ્યવહારથી પણ અનુભવ થાય છે તથા પ્રત્યક્ષ થાય છે કે પરમાત્મા અને છે ઉપર્યુક્ત પરિચયવાળા છે. તે અનુભવ અમને હવે પ્રાપ્ત થઈ રહ્યો છે કેમકે હવે પરમપિતા પરમાત્મા અવતરિત થઇને સંસારના દુઃખ અને અશાન્તિને મિટાવી રહ્યા છે. કોઇ પણ નિષ્પક્ષ સ્વભાવવાળા, નિર્વિકારી અને પવિત્ર જીવનની ઉત્કૃષ્ટ અભિલાષાવાળી વ્યકિત હવે અનુભવ કરી શકે છે કે 'પરમાત્માએ કઇ સૃષ્ટિ રચી હતી? આ જે આજકાલ આપણે જોઇએ છીએ તે કે આનાથી કોઇ ભિન્ન અર્થાત્ સંપૂર્ણ સુખશાંતિવાળી? પછી સૃષ્ટિનો આવો હાલ કેમ થયો, પરમાત્મા સર્વશક્તિમાન છે તો બગડેલી સૃષ્ટિને તેમણે સુધારી કેમ નહીં? શું પરમાત્મા સર્વવ્યાપી નથી? તે એકદેશી છે? શું પરમાત્મા કોઇ એક વિશેષ-આત્મા છે કે પરમાત્મા (ભગવાન) શબ્દ એક અવસ્થા અથવા મહાનતાની કક્ષા છે જેને કોઇ પણ પુરુષાર્થી પ્રાપ્ત કરી શકે છે?' - આ પ્રશ્નોનું જ્ઞાનયુક્ત અને અનુભવ-જન્ય સમાધાન મળી શકે છે. તે માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વવિદ્યાલયના કેન્દ્રો ખુલ્લા છે. ત્યાં પધારીને દરેક મનુષ્ય સ્પષ્ટ રીતે સમજી શકે છે કે 'પરમાત્મા એક છે, તેનું નામ શિવ અને રૂપ જયોતિબિન્દુ છે અને ધામ બ્રહ્મલોક છે.'

# ભગવાન કોણ?

## ભગવાન એક છે, તે દેવોના પણ દેવ છે.
## તે ધર્મ સ્થાપકોના પણ પરમપિતા છે.

શાસ્ત્રવાદી લોકો કહે છે કે ભગવાન શબ્દનો અર્થ 'ઐશ્વર્યવાન' છે પરંતુ શાસ્ત્રોમાં લખ્યું છે કે ફક્ત ઐશ્વર્ય જ નહીં પરંતુ પાંચ બાજી

વસ્તુઓ પણ હોય તો 'ભગ' શબ્દનો પૂરો અર્થ થાય. જેની પાસે છ પ્રકારના ઐશ્વર્ય અથવા ઈશ્વરીય સંપત્તિ વિશેષ રૂપથી હોય, તેને જ 'ભગવાન' કહી શકાય છે. જે છ વસ્તુઓને શાસ્ત્રકારોએ 'ભગ'નામ આપ્યું છે, તે આ છે :- (૧) વૈરાગ્ય (૨) જ્ઞાન (૩) ઐશ્વર્ય (૪) ધર્મ (૫) શ્રી અને (૬) યશ.*

## સદા આસક્ત કોણ ?

'ભગવાન' શબ્દનો ભાવાર્થ કરતાં શાસ્ત્રજ્ઞ લોકોએ આ જે છ પ્રકારની ધારણાઓ અથવા પ્રાપ્તિ ગણાવી છે. તે માનવું ઠીક છે કે નહિ? - આ પ્રશ્નને આ સમયે છોડીને આપણે પહેલાં એ વિચાર કરીશું કે શું આ છ ઐશ્વર્યના આધારે આપણે બુધ્ધ, ઈસુ, વ્યાસ, શ્રીનારાયણ, શ્રીકૃષ્ણ અથવા શ્રી રામ વગેરેને 'ભગવાન' કહી શકીએ ખરા ? બધાથી પહેલાં 'વૈરાગ્ય' નામના 'ભગ'ને લઈએ. ધર્મ-પ્રવર્તક મહાવીર, બુધ્ધ તથા શંકરચાર્યએ તો વિરક્ત થઈને ઘરબારનો સંન્યાસ કરી દીધો હતો. જેનો અર્થ એ થયો કે સંન્યાસ પહેલાંના જીવનકાળમાં તેઓ પૂર્ણ વિરક્ત ન હતા. પરંતુ 'ભગવાન' શબ્દ તો વાસ્તવમાં તે 'સંપૂર્ણ' આત્માનો વાચક છે જે સદા વિરક્ત, અસંગ, સદા અનાસક્ત અથવા સદા ઉપરામ-ચિત્ત હોય, ભગવાનને સ્ત્રી, બાળકો, માતા-પિતા, ઘરબાર, ધન-ધાન્ય વગેરે એક લૌકિક મનુષ્યની જેમ ક્યારેય હોતા નથી. તેઓ કોઈ કાળમાં પણ આસક્ત થઈને તેમને અપનાવતા જ નથી તો પછી તેના વિષયમાં તે માતા-પિતા, પુત્ર વગેરેથી મમતા-રહિત અથવા વિરક્ત હોવાનો પ્રશ્ન જ નથી ઉઠી શકતો. તે તો પ્રેમના સાગર હોવા છતાં પણ નિર્મોહી છે અને કર્માતીત છે. તેઓ રાગને વશ થતા જ નથી કે પાછળથી તેમને વૈરાગ્ય થાય અને તેઓ સંન્યાસ કરે.

* वैराग्यं ज्ञानमैंश्वर्यं धर्मश्रेत्यात्मा ॥ बुद्धय: बुद्धय: श्रीर्यं शश्रेति षश्वै भगवतो भग:

હવે શ્રીકૃષ્ણ અને શ્રીરામ આદિ માન્યવર દેવતાઓના જીવનનું સ્મરણ કરો, શ્રીકૃષ્ણ અને શ્રીરામ આદિએ ઘરગૃહસ્થનો સંન્યાસ કર્યો ન હતો પરંતુ તેઓ રાજ-કાર્ય તથા ગૃહસ્થ વ્યવહાર સંભાળતા હોવા છતાં પણ પદાર્થો અને સંબંધોના પ્રતિ અનાસક્ત ભાવ રાખતા હતા, આ અર્થમાં તેમનામાં વૈરાગ્યનું હોવું માની શકાય છે. પરંતુ તો પણ તેમના મનમાં પૂર્વકાળમાં અતિસૂક્ષ્મ અને સતોગુણી રૂપથી દિવ્ય સુખ ભોગવવાની ઈચ્છા રહી હશે અને તેના માટે તેમણે સતોપ્રધાન કર્મ પણ કર્યા હશે, ત્યારે તો તેમને એ રાજ્ય - ભાગ્યની અથવા અતુલ સુખ - સંપત્તિની પ્રાપ્તિ થઈ હશે? કર્મ વગર તો પ્રારબ્ધ મળે જ નહિ અને ભોગ્ય તથા ભાગ્ય પ્રાપ્ત થઈ નથી શકતા, જ્યારે કે 'અન્નના દાણા-દાણા પર છાપ છે' તો તેમણે જે પદાર્થ ભોગવ્યા હશે તેના પર પણ તો તેમની પ્રારબ્ધ છાપ લાગેલી હશે ? પરંતુ 'ભગવાન' શબ્દ તો એક એવો વિશેષ આત્માનો વાચક છે જે આ પ્રકારના સુખભોગ અને પ્રારબ્ધના પ્રતિ પણ અનાસક્ત છે. ભગવાન આ પ્રાપ્તિને માટે પુરુષાર્થ નથી કરતા. ભગવાન અને ઈન્સાનમાં એ જ તો ભેદ છે અને ભગવાનનું એ જ તો વિશેષ ઐશ્વર્ય છે. અગર ભગવાન પણ વૈકુંઠ અથવા સ્વર્ગના સુખોને અથવા મનુષ્ય - લોકના પદાર્થોને તથા શરીર અને આયુષ્ય વગેરેને ભોગવતા હોય તો તેમને 'ભગવાન' ન કહીને 'ભાગ્યવાન' અથવા 'ભોગ્યવાન' કહેવા જોઈએ. શ્રી નારાયણ, શ્રી કૃષ્ણ અને શ્રી રામ તો ભૂમિના દેવતા છે અને શ્રીલક્ષ્મી, શ્રીસીતા આદિ પણ માન્ય દેવીઓ છે કેમકે પૂર્વજન્મમાં શ્રેષ્ઠકર્મ કરવાને કારણે તેમને દિવ્ય ભોગ પ્રાપ્ત હતા.

## સંપૂર્ણ અને સ્થાયી જ્ઞાન કોનામાં ?

હવે જ્ઞાન નામના બીજા 'ભગ' પર વિચાર કરીએ. ઈબ્રાહીમ, વ્યાસ, બુધ્ધ, ઈશુ, શંકરાચાર્ય વગેરેને તો પહેલાં શબ્દ-જ્ઞાન પણ ન

હતું. તેમને શબ્દ-જ્ઞાન પણ તેમના માતા-પિતા અથવા શિક્ષકે શિખવાડ્યું હતું. તેમણે કાંઈક પરંપરાથી જાણ્યું, કાંઈક બીજાના અનુભવોને ગ્રહણ કર્યા, કાંઈક સ્વયં મનન-ચિંતન કર્યુ અને જ્ઞાનને માટે કાંઈક પુરુષાર્થ કર્યો, પરંતુ 'ભગવાન' તો કેવળ તેને જ કહી શકાય જે સદા જાણે જ છે, જે જ્ઞાન સ્વરૂપ છે જેનામાં જ્ઞાન છે જ, જે કોઈ પાસેથી જ્ઞાન-પ્રાપ્ત નથી કરતા પરંતુ ત્રણેય કાળમાં એકરસ જ્ઞાનથી પરિપૂર્ણ છે. તેને વિચારવા, સમજવા, સાંભળવા, જોવા અથવા અનુભવ કરવાની આવશ્યક્તા નથી પરંતુ તે તો જ્ઞાનથી સદા યે પ્રકાશમાન છે. તે સદા સ્વરૂપનિષ્ઠ છે અને સૃષ્ટિન આદિ - મધ્ય - અંતને સંપૂર્ણ રીતે સ્વતઃ જાણે છે. એટલે મનુષ્ય જયારે કોઈ વાતને નથી જાણતો તો કહે છે - God knows; I do not know અર્થાત્ 'હું જાણતો નથી તેને તો ભગવાન જ જાણતા હશે' એક પરમાત્માને જ knowledgeful કહેવામાં આવે છે અર્થાત્ જ્ઞાનના સાગર છે, અન્ય કોઈને આ ઉપાધિ આપી ન શકાય, અન્ય તો ફક્ત જ્ઞાનના 'ગાગર' અથવા લોટા જ હોઈ શકે છે. ભગવાનના તો કોઈ શિક્ષક અથવા ગુરુ નથી હોતા, ન ભગવાનને શાસ્ત્ર, પરંપરા, પર-અનુભવ અથવા 'ભૂલ અને પુરુષાર્થ' (Trial & error) ની રીતે ક્યારેય કાંઈ શીખવાની આવશ્યક્તા હોય છે. તે તો છે જ જ્ઞાનના અનાદિ સ્ત્રોત.

તમે જોશો કે ઈબ્રાહીમ, બુધ્ધ, ઈશુ, શંકરાચાર્ય વગેરે વગેરેના જ્ઞાનમાં તો વિપરીતતા છે, ત્યારે તો બધાના અલગ અલગ ગ્રંથ અથવા સંપ્રદાય અથવા મત છે. તો બધાને 'ભગવાન' ક્યા માપદંડ અથવા પ્રમાણના આધારે કહી શકાય ? અગર બધામાં એક -જેવું અને એક -જેટલું જ્ઞાન હોત કે જે ભગવાનમાં હોવું આવશ્યક છે તો બધાના ગુણ, કર્મ, સ્વભાવ - પ્રભાવ, આકૃતિ, પ્રકૃતિ વગેરેમાં અથવા મન, વચન, અને કર્મમાં અંતર કેમ હોત? સ્પષ્ટ છે કે ભગવાનનું જ્ઞાન

ભગવાનની જ પાસે છે અને અન્ય બધા પોતાના પુરુષાર્થ અનુસાર તેમને યથાયોગ્ય જાણે છે તથા માને છે અથવા નથી પણ જાણતા અને નથી પણ માનતા.

અહીયાં કોઈ લોકો કહેશે કે શ્રી કૃષ્ણ અને શ્રી રામમાં તો પૂર્ણ જ્ઞાન હતું. પરંતુ તમે જાણતા હશો કે તે જ લોકો એવું પણ કહે છે કે શ્રીકૃષ્ણે સાંદીપની ઋષિ પાસેથી અને શ્રીરામે વિશ્વામિત્ર મુનિ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યુ હતું. 'યોગવસિષ્ઠ' તથા 'શિવગીતા' નામના પુસ્તકના આધારે તો આજે લોકો એમ પણ માને છે કે શ્રી રામને વસિષ્ઠે તથા ભગવાન શિવે આધ્યાત્મિક જ્ઞાન આપ્યું હતું. તથા મહાભારતના આધારે તેઓ કહે છે કે શ્રીકૃષ્ણે પણ શિવની ઉપાસના * કરી હતી. તેમની આ માન્યતાથી એમ સિધ્ધ થતું જ નથી કે શ્રીકૃષ્ણ 'જ્ઞાનના સાગર' હતા. અને યોગવસિષ્ઠ, મહાભારત વગેરેને છોડી પણ દઈએ તો પણ એ કહેવત છે કે 'જ્ઞાન દ્વારા નર શ્રી નારાયણપદ પ્રાપ્ત કરે છે તથા નારી શ્રી લક્ષ્મીપદ પ્રાપ્ત કરે છે' અને આત્માને સદ્ગતિ તથા દેવપદની પ્રાપ્તિ થાય છે. આનાથી પણ સિધ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ (શ્રીનારાયણ) તથા શ્રીરામ પહેલાં ક્યારેક સાધારણ નર હશે અને તે જન્મમાં ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત કરવાના ફળસ્વરૂપે તેમણે એવું દેવપદ અથવા નારાયણ પદ અથવા રામપદ પ્રાપ્ત કર્યુ હશે અર્થાત્ શ્રી નારાયણ તથા શ્રી રામને 'દેવતા' જ કહેવા જોઈએ.

## ઐશ્વર્ય, શ્રી અને યશ

ઐશ્વર્યથી અભિપ્રાય, પ્રતિભા, ચમત્કારી કર્તવ્ય, ઉચ્ચ સામર્થ્ય તથા સંપત્તિ પ્રાપ્ત થાય છે. 'શ્રી' પણ સંપત્તિ અને સૌંદર્યને કહે છે અને

---

* મહાભારત એષિક પર્વ.

જે કોઇ વિશેષ પ્રતિભાવાળા હોય છે, તથા સામર્થ્યવાળા હોય છે તથા ઉચ્ચ કર્તવ્ય કરે છે, તેમને યશ તો સંસારમાં કામ-ક્રોધાદિ વિકાર પર વિજય પ્રાપ્ત કરવાને યોગ્ય બનાવે છે અને મનુષ્યાત્માને દિવ્ય બુદ્ધિ તથા દિવ્ય દૃષ્ટિનું વરદાન આપે છે તથા મુક્તિ અને જીવનમુક્તિનો ઇશ્વરીય જન્મસિદ્ધ અધિકાર આપે છે અને તેમની સ્મૃતિથી મનુષ્યના પાપ દગ્ધ થાય છે અને કર્મ-બંધન કપાય છે. ભગવાન તો ત્રણેય લોકની રચનાના અદ્વિતીય નાથ છે. બધી દૈવી સંપત્તિ તેમની તો આપેલી છે. તે જ અત્યંત આકર્ષણમય અને મોહિનીમૂર્ત છે અને આ કારણે, આખા સંસારમાં તેમનો યશ પણ છે. શ્રીકૃષ્ણ, શ્રીરામ, બુદ્ધ, મહાવીર, વ્યાસ, ઇશુ વગેરેને તો બધા ધર્મ-વિશ્વાસુ 'ભગવાન' નથી માનતા. વાસ્તવમાં ભગવાન તો જ્યોતિ સ્વરૂપ અને અશરીરી (શરીર રહિત) છે જેને લોકો 'પિતા' (O God ! Father ત્વમેવ માતાશ્ચપિતા) કહીને બોલાવે છે. તેમને જ બધા પ્રાર્થના કરે છે- 'હે પ્રભુ અમારા વિકારો મિટાવો, અમારા પાપ હરો.' અન્ય બધા સ્વયં જ શરીરના બંધનમાં છે તો તેઓ બીજાને કેવી રીતે મુક્તિ આપી શકે? તેઓ સ્વયં જ કર્મફળ ભોગવી રહ્યા છે તથા ઉપાસના, યોગ, સાધના (Communion) વગેરે કરનારા છે તો તેમની સ્મૃતિથી આપણા પાપ કેવી રીતે દગ્ધ થઇ શકે તથા કર્મબંધન કેવી રીતે કપાઇ શકે?

અહીંયા કોઇ એ પ્રશ્ન કરી શકે શ્રીકૃષ્ણે તો ગીતાજ્ઞાન અને સહજ રાજયોગનું શિક્ષણ (જ્ઞાન) આપ્યું હતું અને એ વચન આપ્યું હતું કે - 'હું તમને પરમધામ લઇ જઇશ તથા સ્વર્ગનું સ્વરાજ્ય આપીશ એટલે કે આ જ્ઞાન આત્માને સર્વાધિક પવિત્ર કરનારું છે.' ત્યારે શું શ્રીકૃષ્ણને ભગવાન ન કહી શકાય? આના સંદર્ભમાં એ જાણવું જરૂરી છે કે ગીતામાં જે મહાવાક્ય છે કે 'હું સૃષ્ટિના બીજરૂપ છું, મારો દિવ્ય જન્મ છે, હું તમને પરમધામ લઇ જઇશ, તમને સ્વર્ગનું સ્વરાજ્ય

આપીશ, સૂર્ય અને તારાગણથી પણ પાર મારું ધામ છે' વગેરે-વગેરે. તેનાથી તો સિદ્ધ થાય છે કે ગીતા-જ્ઞાન શ્રીકૃષ્ણ દેવતાએ આપ્યું ન હતું * 'ભગવાને', અર્થાત્ 'શ્રીકૃષ્ણ'ના પણ આત્મિક પિતા, દેવોના પણ દેવ, અવ્યક્ત-મૂર્ત જ્યોતિ-સ્વરૂપ પરમાત્માએ આપ્યું હતું.અહીંયા અમે આ વિષયને સવિસ્તાર સ્પષ્ટ નથી કરતા પરંતુ અમે અહીંયા એટલું કહી શકીએ છીએ કે શ્રીકૃષ્ણ તો વિષ્ણુના સાકાર + રૂપ હતા અને વિષ્ણુ તો 'ત્રિદેવ'માંના સ્વયં પણ એક દેવતા છે. શ્રીકૃષ્ણને નારાયણ અથવા વિષ્ણુનું સાકાર રૂપ તો બધા માને છે જ. એટલે તેમને 'ભગવાન' નહીં કહી શકાય, કેમકે 'ભગવાન' તો ત્રિદેવના પણ રચયિતા છે. ભગવાન શબ્દ 'દેવતા' શબ્દનો પર્યાય નથી, દેવતાઓ અનેક છે પરંતુ ભગવાન એક છે, દેવોના પણ પરમપિતા છે.

## ધર્મનો સ્ત્રોત કોણ?

હવે 'ધર્મ' પર વિચાર કરીએ. ધર્મનો અર્થ 'ધારણા' છે. ઈબ્રાહીમ, બુદ્ધ, વ્યાસ, ઈશુ વગેરે તો ધારણાના પુરુષાર્થી હતા, તેઓ ધર્મનિષ્ઠ થવાનો અભ્યાસ કરી રહ્યા હતા. અને તેમનાથી પણ ઉચ્ચ ધારણા તો શ્રીનારાયણ, શ્રીરામ વગેરે દેવતાઓની કહેવાય. જેમણે કે ગૃહસ્થ-વ્યવહારને નિભાવતા જીવનમાં પવિત્રતા અને દિવ્યગુણોની ધારણા બનાવી રાખી પરંતુ તેમણે પણ દૈવી ધર્મનું પાલન કર્યું, તેઓ પણ ધર્મના આદિ વ્યાખ્યાતા આદિ સ્થાપક અથવા આદિ પ્રવર્તક ન હતા. ધર્મના જ્ઞાન અને આચરણના સ્ત્રોત તો એક માત્ર તે જ છે કે જેમણે સતયુગથી પણ પહેલાં, સંગમયુગમાં આદિ સનાતન દેવીદેવતા

* આ વિષય ઉપર તમે અલગ છાપેલું પુસ્તક પ્રાપ્ત કરી શકો છો.

\+ ગ્રંથોમાં લખેલું છે કે વાસુદેવના પુત્ર શ્રી નારાયણ (શ્રીકૃષ્ણ) કે જે વિષ્ણુનાં સાકારરૂપ હતા, તે અમને પ્રેરિત કરે. સ્પષ્ટ છે કે શ્રીકૃષ્ણને વિષ્ણુનું રૂપ માનવામાં આવેલ છે.

ધર્મની સ્થાપના કરી હતી, તે આદિ સ્થાપક સદા જ ધર્મનિષ્ઠ અને આત્મબુદ્ધિ છે અને ધર્મની હાનિ થવાને સમયે તેઓ સંસારમાં અવતરિત થઈને ધર્મની પુનઃસ્થાપના કરે છે તેમને જ 'ભગવાન' માનવા જોઈએ, તે એક ભગવાન જ મનુષ્યને બ્રહ્મા તથા સરસ્વતી અથવા એડમ અને ઈવ દ્વારા ધર્મ અને નિયમ મનુષ્યોને સમજાવે છે.

હવે પ્રશ્ન ઊઠે છે કે તે એક ભગવાન, જે બ્રહ્મા, વિષ્ણુ તથા શંકરના પણ રચયિતા છે અને સર્વોચ્ચ દૈવી ધર્મના આદિ સ્થાપક છે, સદા ધર્મનિષ્ઠ છે. જ્ઞાનના સાગર છે, બધાના પરમપિતા અથવા માતા-પિતા છે. સદા અનાસક્ત અને સદા સુંદર છે ક્યારેય તે આત્મા કુરૂપ અર્થાત્ પતિત થતો જ નથી, તે કોણ છે?

આના ઉત્તરમાં એજ કહેવું પડશે કે તેઓ છે-જ્યોતિ-સ્વરૂપ, બિંદુ-રૂપ, સત્-ચિત-આનંદ સ્વરૂપ, પતિત-પાવન, પરમપિતા પરમાત્મા 'શિવ' કે જે સદા નિરાકાર અર્થાત્ અકાય અથવા અશરીરી છે અને જેમને ત્રિદેવના રચયિતા હોવાને કારણે 'ત્રિમૂર્તિ' પણ કહેવામાં આવે છે. તેમના સ્મરણ-ચિન્હો મુસલમાનો, બૌદ્ધ, ખ્રિસ્તીઓ, યહૂદીઓ વગેરે બધાને ત્યાં મળે છે. તે સર્વશક્તિમાન પિતા જ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા આદિ સનાતન દેવી-દેવતા ધર્મની પુનઃ સ્થાપના કરાવે છે અને શંકર દ્વારા એ ધર્મનો મહાવિનાશ કરાવે છે તથા વિષ્ણુ દ્વારા દૈવી ધર્મવાળી સતયુગી તથા ત્રેતાયુગી સૃષ્ટિનું પાલન કરાવે છે. તે બધાનું કલ્યાણ કરવાવાળા છે. એટલે તેમનું દિવ્ય નામ 'શિવ' છે. તેઓ શ્રીરામ અને શ્રીકૃષ્ણના પણ પરમપૂજ્ય છે, સત્યતા રામેશ્વરમ્ તથા ગોપેશ્વરમ્‌ના મંદિરોથી સ્પષ્ટ છે. તે એક 'ભગવાન'ને યથાર્થ રીતે જાણવા, માનવા અને તેમની સ્મૃતિ દ્વારા વિકર્મોનો વિનાશ કરવો તથા તેમની પાસેથી મુક્તિ-જીવનમુક્તિનો ઈશ્વરીય જન્મ-સિદ્ધ અધિકાર

પ્રાપ્ત કરવો હર-એક મનુષ્યનું કર્તવ્ય છે.

# પરમાત્માનો સાચો પરિચય

પરમાત્માને માનનાર ઘણા લોકો પ્રાયઃ કહે છે કે -"અમે જયારે પણ પરમાત્માની સ્મૃતિમાં બેસીએ છીએ ત્યારે અમારું મન પરમાત્માની યાદમાં સ્થિત નથી થતું. તે સ્મૃતિના રસમાં ડૂબતું નથી." અન્ય લોકો કહે છે - "ભાઇ, આ મન તો ઘણું ચંચળ છે, તેને તો પ્રાણાયામ દ્વારા રોકવું જ પડશે કેમકે પરમાત્માની યાદમાં તે સ્થિત થતું જ નથી." પરંતુ આ વિષયમાં અમારો અનુભવ એ છે કે અગર (૧) આપણને પરમપિતા પરમાત્માનો વાસ્તવિક પરિચય પ્રાપ્ત થઇ જાય. (૨) તેમની સાથે આપણો આત્માઓનો કેટલો ઘનિષ્ઠ સંબંધ છે, તેની ખબર પડી જાય. (૩) તેમની પાસેથી આપણને કઇ ઉચ્ચ પ્રાપ્તિ થઇ શકે છે, તેની પણ ખબર પડી જાય અને પછી (૪) અગર આપણે આહાર - વ્યવહાર વગેરેની શુદ્ધિ તથા બ્રહ્મચર્ય વગેરે નિયમો પર પણ ઠીક રીતે ધ્યાન આપીએ તો આપણું મન ઉચ્ચ સુખ તથા આનંદનો અનુભવ કરી શકે છે અને પોતાના જીવનને ધન્ય કરી શકે છે, પરંતુ આજે લોકો આત્માને પરમાત્મા માને છે અથવા પરમાત્માને નામ અને રૂપથી ન્યારા માને છે. તો આવી સ્થિતિમાં મનને સ્થિત કરવું અસંભવ છે કેમકે જેનું નામ, રૂપ અથવા ધામ જ ન હોય તેની તો સ્પષ્ટ કલ્પના અથવા સ્મૃતિ થઇ જ ન શકે. એટલે સર્વ પ્રથમ પરમપ્રિય પરમપિતા પરમાત્માનો પરિચય જાણવાની જરૂરત છે.

## 'પરિચય'નો ભાવાર્થ

આપણે આ સંસારમાં જોઇએ છીએ કે જયારે પણ કોઇનો પરિચય આપવામાં આવે તો તેમાં સામાન્ય રીતે (૧) તેનું નામ, (૨)

નિવાસસ્થાન, (૩) કર્તવ્ય (વ્યવસાય), (૪) સંબંધ, (૫) ગુણ વગેરેનું વર્ણન અવશ્ય કરવામાં આવે છે અને (૬) તે વ્યક્તિનું રૂપ તો આપણાં નેત્રોની સામે હોય જ છે અથવા તેનો ફોટો (છાયાચિત્ર) આપણને બતાવવામાં આવે છે. આ પ્રકારે કરવામાં આવેલા પૂર્ણ પરિચયથી આપણા મનમાં તે મનુષ્યનો પરિચય ઠીક રીતે અંકિત થઇ જાય છે અને ક્યારેય પણ તે મનુષ્યને યાદ કરવો આપણા માટે સહજ થઇ જાય છે. અગર પરમાત્માનો આપણને સત્ય પરિચય થઇ જાય તો તેમની સ્મૃતિમાં સ્થિત થવું અથવા 'લવલીન' થવું પણ કઠિન નહિ લાગે.

બધા જાણે છે કે પ્રચલિત રિવાજોને અનુસાર જ્યારે કોઈ કન્યાની સગાઈ થાય છે ત્યારે તેને પણ ભાવિ પતિના નામ - રૂપ, ગુણ, કર્તવ્ય (વ્યવસાય), સ્થાન, આયુ વગેરેનો પરિચય આપવામાં આવે છે અને તેને એ વાતનું આશ્વાસન પણ આપવામાં આવે છે તે વ્યક્તિની સાથે સંબંધ જોડવાથી તેનું (કન્યાનું) જીવન પણ સુખી થશે. તેઓ બેઉ એક વાર એક-બીજાને જોઈ લે છે અથવા ફોટો આપવામાં આવે છે. અથવા બેઉની આકૃતિનું થોડું ઘણું વર્ણન કરીને તેમનો પરિચય આપવામાં આવે છે. આ પ્રકારથી પરિચય મળવા પર અને સંબંધ નિશ્ચિત થયા પછી તેમની લગન લાગી જાય છે, મન લાગી જાય છે, પરસ્પર યાદનો તાર જોડાઇ જાય છે, ત્યાં સુધી કે અગર તે કન્યા સાથે વાતચીત કરતાં વચ્ચે ક્યારેક કોઇ અન્ય વ્યક્તિની ચર્ચા થાય કે જેનું નામ પણ તેના ભાવિ પતિના નામ જેવું હોય અથવા જેના ગુણ અથવા કર્તવ્ય પણ તેના ભાવિ પતિના ગુણ તથા વ્યવસાય જેવા હોય તો તેને સાંભળીને તે કન્યાનું મન તે વાતથી હટીને થોડા સમય માટે તો પોતાના ભાવિ પતિની તરફ જ ચાલ્યું જાય છે. ઉદાહરણથી નામ રૂપ અને ગુણો વગેરેને જાણવાનું મહત્વ સ્પષ્ટ છે. અગર કોઈનો પરિચય આપતી વખતે આના ઉપર પ્રકાશ ન નાખવામાં આવે તો મનુષ્યનું મન તે

વ્યક્તિ પર કેન્દ્રિત નહિ થઈ શકે

ઠીક આ જ રીતે, અગર આત્માને પણ પરમાત્મા અથવા ભગવાનનો પરિચય ઉપર બતાવેલી રીતે આપવામાં આવે તો પરમાત્મા, કે જે સર્વાતિસુંદર, બધા ગુણોનો ભંડાર અને બધાથી અધિક નામવર છે, તેમની યાદમાં આત્મા તન્મય થઈ જાય છે. તે સાચા આત્મિક સુખનો અનુભવ કરી શકે છે.

એક નાના બાળકને જ્યારે ખબર પડે છે કે અમુક વ્યક્તિ તેના પિતા છે અને તે બાળકને તે પિતા દ્વારા પ્રાપ્તિની પણ થોડીઘણી ખબર પડે છે ત્યારે તેનું મન સહજ રીતે પોતાના પિતાની તરફ ખેંચાઈ જાય છે, ત્યાં સુધી કે તેના માતા - પિતાથી છોડાવીને અગર અન્ય કોઈ તેને પોતાની તરફ ખેંચે છે તો તે બાળક એ વાત માટે સહમત નથી થતો. પોતાના મિત્રોની યાદમાં પણ મનુષ્ય ત્યારે ખેંચાણ અનુભવ કરે છે જ્યારે તેને તેમના સ્વભાવ અને મિત્ર - ભાવની ખબર હોય છે, અથવા તેમના દ્વારા તે પોતાની કોઈ આવશ્યકતા અથવા કમીને પૂરી થતા અથવા તેમની પાસેથી સ્નેહ અથવા સંપત્તિની પ્રાપ્તિ થાય છે. આ વાતો આપણા બધાના અનુભવમાં કોઈને કોઈ પ્રકારે આવી ચૂકી છે.

ઠીક આ જ રીતે, પરમપિતા પરમાત્માની યાદના રસપાનનો આનંદ પણ ત્યારે જ લઈ શકે કે જ્યારે તેને પરમપિતા પરમાત્માનો પરિચય હોય ત્યારે મનુષ્યની બુદ્ધિમાં એ વાત બેસી જાય છે કે પરમાત્મા જે એક માત્ર તેના મંગલકારી મિત્ર અને માતા -પિતા છે તથા બધા પ્રકારના સ્થાયી તથા અલૌકિક સુખોના દાતા છે અને તેમના માર્ગ-પ્રદર્શનથી જ તે આ સંસાર રૂપી કાદવમાંથી બહાર નીકળી શકે છે, તો તેનું મન પણ પરમાત્મા તરફ બરાબર ખેંચાઈ જાય છે. તેમની

યાદમાં મગ્ન થઈને સાચું સુખ પામવાનો સાચો અભ્યાસી થઈ જાય છે. તે આત્મિક સુખને તો અનુભવી જ જાણે છે.

પરંતુ કઠણાઈ એ છે કે આજે સંસારમાં ગુણસાગર અને આવા કલ્યાણકારી પિતા વિષેએ પ્રચાર કરવામાં આવે છે કે પરમાત્માનું કોઈ નામ અથવા રૂપ નથી, તેમનું તો વિશેષ ધામ પણ નથી અને તે નિર્ગુણ છે, વગેરે. આ તથા આવી અનેક વાતો સાંભળનાર મનુષ્યાત્માના મનમાં પરમાત્મા વિષે કોઈ આકર્ષણ નથી થતું અનેપરમાત્માનું નામ, રૂપ વગેરે માલૂમ ન પડવાથી પોતાની બુધ્ધિને એકાગ્ર કરવા માટે તેને કોઈ જ ઠેકાણું મળતું નથી. આનું દુષ્પરિણામ એ આવે છે કે મનુષ્ય પ્રભુ મિલનથી વંચિત રહી જાય છે.

એટલ હવે અમે પરમપિતા પરમાત્માનો વાસ્તવિક પરિચય આપીએ છીએ કે જે મનુષ્યમાત્રના કલ્યાણ માટે તેઓએ સ્વયં આપેલો પરમાત્માનો પરિચય તો પરમાત્મા સ્વયં જ આપી શકે છે. આ વાતને અધિક બતાવવાની આવશ્યકતા નથી કેમકે આ પરિચયમાં પરમાત્મા પોતાનું દિવ્ય નામ, દિવ્ય રૂપ, દિવ્ય ગુણ, દિવ્ય કર્તવ્ય વગેરેનું પણ જ્ઞાન આપે છે. કેમકે આના વગર તો પરિચયને પરિચય કહેવો અર્થાત્ અનર્થ કરવા બરોબર છે.

## પરમાત્માનું દિવ્ય નામ

સંસારના ઘણા લોકો વિચારે છે કે પરમાત્માનું કોઈ નામ જ નથી. જે બધાથી અધિક નામદાતા હોય તેને નામ વગરના સમજવા, એવી કેવી વિડમ્બના છે ! લૌકિક વ્યવહારમાં પણ જયારે કોઈ કહે છે કે ફલાણી વ્યક્તિનું નામ જ નથી તો તેનો અભિપ્રાય એ હોય છે કે તે વ્યક્તિ હવે નષ્ટ થઈ ચૂકી છે અથવા તે મળતી જ નથી અથવા તેનું ત્યાં

કોઈ નામ જ નથી લેતું. એટલે પરમાત્મા વિશે એ કહેવું કે પરમાત્માનું કોઈ નામ જ નથી. એનો અર્થ એમ થાય છે કે પરમાત્મા છે જ નહીં. એ કહેવું મોટી ભૂલ છે. કેમકે પરમાત્માનું નામ તો મનને હર્ષ આપનાર અને ગુમરાહ (ભટકેલી) વ્યક્તિઓને પણ રાહ દેખાડનાર છે. પરમાત્માનું તે દિવ્ય નામ 'શિવ' છે. શિવનો અર્થ કલ્યાણકારી છે. નામ જાણવાથી તથા યાદ રાખવાથી મનુષ્યને પ્રેરણા મળે છે કે જેમ પરમાત્મા કોઈનું અકલ્યાણ કરતા નથી અને કોઈનું અશુભ પણ નથી વિચારતા. તેવી રીતે આપણે પણ સદા શુભચિંતક થઈને પોતાના તથા બીજાના હિત અથવા કલ્યાણાર્થે જ કર્તવ્ય કરવાનું છે. આપણે વિકારોને છોડવા જોઈએ કારણકે મનોવિકાર આપણું તથા બીજાનું અકલ્યાણ કરનાર છે.

પરમાત્માનું આ 'શિવ' નામ ગુણવાચક અને કર્તવ્યવાચક છે, ફક્ત સંજ્ઞાવાચક નથી કેમકે પરમાત્મા મનુષ્યાત્માઓને જ્ઞાન અને યોગનું શિક્ષણ આપીને વિકારોથી નિર્વિકારી, પતિતથી પાવન અને દુ:ખીથી સુખી બનાવીને કલ્યાણ કરનાર પિતા, શિક્ષક સદ્‌ગુરુ છે. એટલે જ તેમનું એ નામ છે. આ નામ બહુ સરળ અને સરસ છે. અધિક વિચાર કર્યા પછી ખબર પડશે કે આ નામમાં પરમાત્માનો પૂરો પરિચય સમાયેલો છે, એટલે આ નામ સર્વોત્તમ છે.

## પરમાત્માનું દિવ્ય રૂપ

લોકો જેમ પ્રાય: એ કહે છે કે પરમાત્માનું નામ નથી તેમ જ એ કહે છે કે પરમાત્માનું કોઈ રૂપ જ નથી, પરંતુ તે તો સર્વ વ્યાપક છે. વાસ્તવમાં પરમાત્મા સર્વ વ્યાપક નથી, બલકે પરમાત્માનું પોતાનું દિવ્ય રૂપ છે. રૂપ વગર તો સંસારમાં કોઈ પણ સત્ય વસ્તુ નથી હોતી. હા, જે વસ્તુનું નામનિશાન જ ભૂંસાઈ જાય અર્થાત્ રહે જ નહીં અથવા

હોય જ નહી, તેની વાત અલગ છે.




પરમાત્માનું દિવ્ય સ્વરૂપ

પરમાત્માને જ્યોતિસ્વરૂપ તો પ્રાયઃ બધા માને જ છે. પરંતુ પ્રશ્ન ઊઠે છે કે તે જ્યોતિનું પણ શું રૂપ છે? આપણે અનુભવના આધારે જાણીએ છીએ કે પરમાત્માનું તે રૂપ એવું છે જેમ દીપ-શિખાનું હોય છે (જ્યોતિનું હોય છે.) પરમાત્મા જ્યોતિબિંદુ, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. તેમનું એ રૂપ દિવ્ય ચક્ષુ દ્વારા જ જોઈ શકાય છે. તેમના એ રૂપની મોટી પ્રતિમાઓ 'શિવલિંગ' નામથી ભારતમાં ઠેર-ઠેર પૂજવામાં આવે છે. ભારતમાં આદિ સનાતન ધર્મવાળાઓનાં સિવાય વિશ્વના અન્ય મુખ્ય - મુખ્ય ધર્મવાળાઓનાં અનુયાયીઓ (આ વિષય પર ઉઠનારા પ્રશ્નોના સમાધાન માટે ''પરમાત્મા કહાં હૈ ?'' આ પુસ્તક વાંચે) ને ત્યાં પણ આ આકૃતિવાળી પ્રતિમાને માન્યતા અથવા પૂજ્યતાનું સ્થાન પ્રાપ્ત છે. ઉદાહરણ તરીકે મુસલમાનોના મક્કા શરીફમાં, જાપાનમાં બૌધિઓમાં તથા અમેરિકામાં તથા રોમ વગેરે કેટલાય ખ્રિસ્તીઓમાં પણ એ આકૃતિવાળા પથ્થરની કોઇને કોઇ રીતે પ્રતિષ્ઠા છે.

ભારતમાં આપણે જોઇએ છીએ કે રામેશ્વરમ્‌માં રામને, વૃન્દાવનમાં ગોપેશ્વરમ્ મંદિરમાં, શ્રીકૃષ્ણને પણ તેમની પૂજા કરતા દેખાડવામાં આવ્યા છે. ભાવ એ છે કે પરમાત્મા શિવ બધાનાં પૂજ્ય

છે. જ્યોતિબિંદુ શિવ જ દેવોના પણ દેવ છે અને ત્રિલોકીનાથ છે. તે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના પણ રચયિતા છે. એટલે જ તેમને ત્રિદેવ-રચયિતા અથવા 'ત્રિમૂર્તિ' કહેવામાં આવે છે. એલીફન્ટાની ગુફામાં 'ત્રિમૂર્તિ' પ્રસિદ્ધ છે. તેમને ભુવનેશ્વર અને ત્રંબકેશ્વર પણ કહેવામાં આવે છે. પણ આ રહસ્યને ન જાણનારા લોકો શિવ અને શંકર એક માનવાની ભૂલ કરી બેઠાં છે. જ્યારે કે વાસ્તવમાં તેઓ બંને ભિન્ન ભિન્ન છે.

શિવલિંગ દ્વારા પરમાત્માની વિચિત્રતા સ્પષ્ટ છે અન્ય સર્વ દેવતાઓની પ્રતિમાઓનું તો કોઇ શારીરિક રૂપ જ દેખાડવામાં આવે છે. પરંતુ શિવલિંગને કોઇ હાથ, કાન વગેરે અવયવ નથી હોતા. કારણ કે તે અશરીરી (શરીર રહિત), અકાય, જ્યોતિ-સ્વરૂપ પરમપિતાની પ્રતિમા છે.

## પરમાત્માનું ધામ

ઉપર પરમાત્માનું અમે જે રૂપ વર્ણન કર્યું છે. તેનાથી સ્પષ્ટ છે કે પરમાત્મા સર્વવ્યાપી નથી પરંતુ વિશેષ રૂપવાળા હોવાને કારણે તેમનું પોતાનું વિશેષ ધામ પણ છે તે ધામને 'પરમધામ', 'બ્રહ્મલોક', 'શિવપુરી' અથવા 'નિર્વાણધામ' વગેરે નામોથી યાદ કરવામાં આવે છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે તેમનું ધામ સૂર્ય, તારાગણ તથા આકાશતત્ત્વથી પણ પર 'છઠ્ઠા તત્ત્વ'માં છે ને તેને 'અખંડ જ્યોતિ મહતત્ત્વ' અથવા બ્રહ્મતત્ત્વ પણ કહેવામાં આવે છે. ખ્રિસ્તી ધર્મને માનવાવાળા તે ધામને હાઇએસ્ટ હેવન **(Highest Heavan)** અને મુસલમાન લોકો તેને 'રૂહોની દુનિયા' કહે છે. તેને જ 'તેજોલોક' અથવા 'પરલોક' પણ કહેવાય છે. પરમાત્મા તે ધામથી આ સૃષ્ટિની અંદર કોઇ પણ સ્થળે સંકલ્પથી પણ વધુ તીવ્ર ગતિથી પહોંચી શકે છે. એટલે તેમને કોઇ પણ સ્થળે બેસીને યાદ કરી શકાય છે તથા તે કોઇ

પણ સ્થળે અને સમયે પોતાના દિવ્ય રૂપનો સાક્ષાત્કાર કરાવી શકે છે તેને કારણે તથા તેમના પ્રેમની લગનમાં મગન થઈને તેમનો મહિમા કરતાં કરતાં ભકતોએ તેમને સર્વવ્યાપક માની લીધા છે. પરંતુ વાસ્તવમાં પરમાત્મા સ્વયં સર્વવ્યાપક નથી : પરતુંતેમની અનુભૂતિ, તેમની મહત્તા, તેમની સ્મૃતિ તેમનું ધ્યાન સર્વત્ર થઇ શકે છે.




પરમપિતા પરમાત્માનું અવિનાશી, અપરિવર્તનીય, અખંડ અકાય અને જ્યોર્તિમય રૂપ તો જ્યોતિબિંદુ જેવું જ છે પરંતુ ભક્ત લોકો તન્મય થઈને પોતપોતાના ઇષ્ટદેવને યાદ કરે છે. તો પરમપિતા પરમાત્મા શિવ તેમની ભાવનાઓને પૂર્ણ કરવા માટે તેમના ઇષ્ટદેવનો સાક્ષાત્કાર તેમને કરાવે છે. આનાથી એમ કેટલાંક લોકો સમજે છે

પરમાત્માને તો પોતાનું કોઇ જ રૂપ નથી, પણ ધારણ કરી લે છે. વાસ્તવમાં એ માન્યતા ખોટી છે. પરમાત્માનું પોતાનું રૂપ તો જયોતિ-બિંદુ છે જ, જે રૂપ અન્ય સર્વે આત્માઓનું છે. પરંતુ ભક્તોની ઇચ્છા પૂર્ણ કરવા માટે પરમાત્મા ભક્તોને તેમના ઇષ્ટનો સાક્ષાત્કાર કરાવી દે છે.

## પરમાત્માના ગુણ અને તેનો મહિમા

વાસ્તવમાં પરમાત્માનો જે મહિમા છે, તે અન્ય કોઇ પણ આત્માનો ન હોઇ શકે. દેવતાઓનો મહિમા પણ તેમના મહિમાથી ભિન્ન છે. પરમાત્મા જ્ઞાનના સાગર, શાંતિના સાગર, આનંદના સાગર, પતિત-પાવન, સર્વશક્તિમાન, સુખ શાંતિના સ્વર્ગીય રાજયના દાતા, દિવ્ય દૃષ્ટિવિધાતા, વિકારોરૂપી કાદવમાંથી મનુષ્યમાત્રને છોડાવનાર, મુક્તિ અને જીવનમુક્તિદાતા અથવા ગતિ અને સદ્‌ગતિના એકમાત્ર દાતા છે. તેમનું શરણ લેવાથી અથવા તેમની આજ્ઞાઓ અનુસાર ચાલવાથી જ મનુષ્યનું કલ્યાણ થઇ શકે છે, અન્યથા નહિ.

## પરમાત્મા સાથે સંબંધ

પરમાત્મા આપણા સર્વે મનુષ્યાત્માઓના પારલૌકિક પિતા છે, તેમની સાથે તો આપણો અવિનાશી સંબંધ છે. તે જયારે ધર્મગ્લાનિના સમયે અવતરિત થાય છે તો પ્રજાપિતા બ્રહ્મા દ્વારા રાજયોગ અને જ્ઞાન શિખવાડીને તે મનુષ્યાત્માઓને મરજીવો જન્મ આપે છે. આ રીતે, તે ન કેવળ પરમપિતા છે, પરંતુ પરમ શિક્ષક અને સદ્‌ગુરુ પણ છે. તેમની સાથે જ તો વાસ્તવમાં આપણા બધાનો આત્મિક સંબંધ છે. મનુષ્યાત્મા પોતાની બુદ્ધિનો સંબંધ જેટલો જેટલો તેમની સાથે જોડે છે અને કર્મ વખતે પણ તે સંબંધને જેટલો જેટલો યાદ કરે છે, તેટલા તેટલા વધુ તેના જીવનમાં સુખ-શાંતિનો અનુભવ કરે છે. આ રીતે સંક્ષિપ્તમાં પરમાત્માનો પરિચય આપ્યો છે. આને વિસ્તારથી પરમાત્માના કર્તવ્યો-

સહિત જાણવાથી, મનુષ્યનું મન પરમાત્માની સ્મૃતિમાં એકાગ્ર થઇ શકે છે. અને મનુષ્ય મુક્તિ અને જીવનમુક્તિ પ્રાપ્ત કરી શકે છે. આને માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ-વિદ્યાલયના બધા જ સેવા-કેન્દ્ર પર પધારીને લાભ ઉઠાવી શકાય છે.

## પરમાત્માનું દિવ્ય કર્તવ્ય

કળિયુગના અંત અને સતયુગના આદિના સંગમ સમયે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જ્ઞાનના માધ્યમથી સતધર્મ અથવા સતયુગી સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય કરવાની સાથે સાથે નિરાકાર પરમાત્મા શિવ, મહાદેવ, શંકર દ્વારા કળિયુગી સૃષ્ટિનો મહાવિનાશ પણ કરાવે છે. પરિણામ સ્વરૂપે, બધા મનુષ્યાત્માઓ દેહથી મુક્તિ તથા ધર્મરાજપુરીમાં પોતાના વિકર્મોના દંડ ભોગવીને બ્રહ્મલોક અથવા નિર્વાણધામમાં (શિવપુરી)માં મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે, અને આ મહાવિનાશના પૂર્વે જે મનુષ્યાત્માઓ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા આપવામાં આવેલા ઈશ્વરીય જ્ઞાન અને શીખવાડવામાં આવેલા સહજ રાજયોગનું શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાના જીવનને પવિત્ર કરે છે, અને પોતાના પૂર્વજન્મોના વિકર્મોને દગ્ધ કરે છે. તે કેટલાક સમય માટે નિર્વાણધામમાં મુક્ત અવસ્થામાં રહ્યા પછી સતયુગ અને ત્રેતાયુગની સંપૂર્ણ સુખશાંતિ સંપન્ન દૈવી સૃષ્ટિમાં રાજ્ય-ભાગ અથવા જીવનમુક્તિ ભોગવે છે. તે ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગને પોતાના જીવનમાં ધારણ કરવાનાં ફળ-સ્વરૂપે પ્રજાપિતા બ્રહ્મા અને તેમની મુખવંશી કન્યા, જગદમ્બા સરસ્વતી. તે ઈશ્વરીય જ્ઞાન દ્વારા સતયુગના આરંભમાં પવિત્ર શ્રીનારાયણ અને શ્રીલક્ષ્મીના રૂપમાં અટલ, અખંડ તથા નિર્વિઘ્ન, રાજ્ય કરે છે. તેમની આઠ પેઢીઓ ચાલે છે. ૧૨૫૦ વર્ષ પછી ત્રેતાયુગમાં શ્રીસીતા અને શ્રીરામનું સુખ-શાંતિસંપન્ન રાજ્ય હોય છે જેને બધા ભારતવાસી આજ સુધી રામરાજ્યના નામથી યાદ કરે છે પરંતુ દૈહિક સંબંધોમાં રહેવાને

કારણે તથા સુખનું પ્રારબ્ધ સમાપ્ત થઇ ગયા પછી એ દૈવી સ્વભાવવાળા આત્માઓ વામમાર્ગમાં ચાલ્યા જાય છે, અર્થાત્ દેહ-અભિમાની થઇ જાય છે. ત્યારે તેઓ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે વિકારોને વશીભૂત થવા લાગે છે અને વિકારો તથા દુ:ખોથી છુટકારો પામવા માટે અનેક પ્રકારના યજ્ઞ, તપ, વેદશાસ્ત્ર, પૂજા, ભક્તિયોગ વગેરે શરૂ થાય છે. પરંતુ મનુષ્ય સૃષ્ટિમાં દિવસે દિવસે તમોગુણ, કલહ, અશાન્તિ, અધર્મ, પાપાચાર વગેરે વધતા જ જાય છે અને આ રીતે ૨૫૦૦ વર્ષ અથવા,, ૬૩ જન્મો પછી, આખરે પુનઃ કળિયુગનો અંત આવી પહોંચે છે.

જ્યારે આવો તમોપ્રધાન સમય આવી પહોચે છે, ત્યારે સત્ય ધર્મની અથવા દૈવી સંપ્રદાયની પુનઃસ્થાપના કરવા માટે નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ સતયુગી શ્રીનારાયણનો અંતિમ અર્થાત્ ૮૪ મો જન્મ લેનાર વૃદ્ધ તન (જેઓ તેઓને હવે 'પ્રજાપિતા બ્રહ્મા' નામ આપે છે) માં પ્રવેશ કરીને પુનઃસહજ ઇશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ શિખવાડે છે અને આ રીતે, પુનઃ મનુષ્યમાત્રની ગતિ અને સદ્ગતિ કરે છે અર્થાત્ તેમને મુક્તિ અને જીવનમુક્તિનો ઇશ્વરીય જન્મસિદ્ધ અધિકાર આપે છે. અંતે તે બધા મનુષ્યાત્માઓને મુક્તિ આપવા માટે, શંકર દ્વારા કળિયુગી, દેહ-અભિમાની, ઇશ્વર-વિમુખ ભારતવાસી મનુષ્યો (જેમને 'કૌરવ' કહેવા જોઇએ)ને પ્રેરિત કરીને ગૃહ-યુદ્ધો દ્વારા તથા રશિયા, અમેરિકા તથા યુરોપના દેહ-અભિમાની, આસુરી અને ઇશ્વર વિમુખ વૈજ્ઞાનિકો (જેમને વાસ્તવમાં 'યાદવ' કહેવા જોઇએ)ને તે રીતે મહાભારતમાં વર્ણવેલ મૂસળો અર્થાત્ અણુબોંબ વગેરે દ્વારા મહાવિનાશ કરાવે છે.

યાદ રહે કે વર્તમાન યુગ શુભસંગમયુગ છે. હવે કળિયુગનો અંત અને સતયુગના આંરભનો સંધિકાળ છે. હવે પરમપિતા પરમાત્મા

શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગની પુનઃસ્થાપના કરાવી રહ્યા છે અને કળિયુગી સૃષ્ટિના મહાવિનાશના ચિહ્ન તો તમે જોઇ જ રહ્યા છો.

# આત્માઓ અનેક છે અને પરમાત્મા એક છે.

## પરમાત્મા બ્રહ્મ નથી, બ્રહ્મધામના નિવાસી છે.

## સંવાદ - ૧

આજ ભારતમાં અદ્વૈત વેદાંતનો બહુ જ પ્રચાર છે, આ મત પ્રમાણે મનુષ્ય સ્વયંને અર્થાત્ આત્માને બ્રહ્મથી અભિન્ન માને છે. બીજા શબ્દોમાં એમ કહીએ કે તો સ્વયંને પરમાત્માનું જ રૂપ માને છે. નિષ્પક્ષ ભાવથી જોઇએ તો ખબર પડશે કે આ સિદ્ધાંત ખોટો છે અને આનાથી ભારતને ઘણું જ નુકશાન થયું છે. અને એના ફળ સ્વરૂપ અહિંયા નાસ્તિકતાને એક નવા રૂપમાં જન્મ મળ્યો છે. પરંતુ આજે લોકો આને સર્વોચ્ચ કોટિનું જ્ઞાન માને છે અને પરદેશી લોકો પણ આ વાદને જ ભારતનું દર્શન અથવા જ્ઞાન માને છે. જો વાસ્તવિકતાની દૃષ્ટિએ જોઈએ તો સમજ પડશે કે આ મત મિથ્યા જ્ઞાન પર અવલંબિત છે, અને આણેજ યોગ, ધ્યાન, જ્ઞાન, વગેરે વગેરે બધાને નષ્ટ કરીને ભારતને કંગાલ બનાવી દીધો છે. આ સત્યને સ્પષ્ટ કરવા માટે અહીંયા આ સિધ્ધાંત વિશે એક સંવાદ આપ્યો છે. આમાં અદ્વૈત વેદાન્તી અને શિવયોગી* અર્થાત્ પરમાત્માને સ્વયંથી ભિન્ન જ્યોતિ સ્વરૂપ, અશરીરી

* અહીંયા શિવ શબ્દ શંકરનો વાચક નથી પરંતુ જ્યોંતિ સ્વરૂપ પરમાત્માનો વાચક છે જે જ્યોતિબિંદુ રૂપવાળા છે. 'કલ્યાણકારી' હોવાને કારણે જ પરમાત્માને 'શિવ' કહેવાય છે.

અને કલ્યાણકારી માનીને તેમની સાથે યોગ લગાવનાર વ્યક્તિ વચ્ચેનો એક જ્ઞાન વાર્તાલાપ આપ્યો છે. સ્વાભાવિક છે કે આ નાનકડા લેખમાં બન્ને પક્ષના બધાં જ દૃષ્ટાંત નહીં આપી શકાય અને બધી દલીલો પણ રજૂ કરી નહીં શકાય. અધિક સ્પષ્ટીકરણ તથા તેની સત્યતાનો અનુભવ તો સન્મુખ પધારીને જ જાણી શકાય.

અદ્વૈત વેદાન્તી : (શિવયોગીને મળે છે ત્યારે કહે છે) કહો ભાઈ કેમ છો? ક્ષેમકુશળ તો છો ને?

શિવયોગી : સારું છે, કલ્યાણકારી પરમપિતા પરમાત્મા શિવ સાથે યોગયુક્ત થવાથી અર્થાત્ તેમની સ્મૃતિમાં સ્થિત થવાથી મનુષ્ય ઠીક તો હોય જ છે. બતાવો આપ કેમ છો?

અદ્વૈત વેદાન્તી : હું પણ બરાબર છું. શિવોઅહમ્ શિવોઅહમ્. સારું ત્યારે આપ પરમાત્માને "પિતા" માનીને અર્થાત્ તેઓને પોતાનાથી અલગ સમજીને તેમની સ્મૃતિમાં રહો છો? ખેર, જેને જેટલું જ્ઞાન હોય તેટલોજ તે પુરુષાર્થ કરેછે. પરંતુ વાસ્તવમાં અદ્વૈત વેદાન્તની દૃષ્ટિએ આત્મા જ પરમાત્મા છે, આત્માથી ભિન્ન બીજું તો કશું છે જ નહીં. યાદ કોને કરવા? મનુષ્ય "આત્મા"ને પરમાત્માથી અલગ ત્યાં સુધી માને છે અથવા તેમની સ્મૃતિનો અભ્યાસ ત્યાં સુધી જ રહે છે જયાં સુધી તેને આ પૂર્ણ જ્ઞાન નથી થતું કે તત્વ તો એક જ છે અથવા આ જે કાંઈ અલગ અલગ અને વિવિધ દેખાય છે એ પણ વાસ્તવમાં બધું એક જ છે. જયારે તેને આવું તત્વજ્ઞાન થઈ જાય છે ત્યારે તે સ્વયંને તે પરમાત્માથી અલગ નથી માનતા એટલે પરમાત્માને પિતા માનવું અથવા તેને સ્વયંથી અલગ માનવું એ તો વાસ્તવમાં એક પ્રકારની અજ્ઞાનતા અથવા મિથ્યાજ્ઞાન છે.

શિવયોગી : જયારે પ્રત્યક્ષ રૂપથી બધા અલગ અલગ અને ભિન્ન ભિન્ન અનુભવ થઈ રહ્યાં છે અને વિવેકથી પણ આ વાતનું સમર્થન થાય છે કે અનેક દેહોમાં અનેક આત્માઓ જ પોતપોતાના

ગુણ, કર્મ સ્વભાવ પ્રમાણે કર્મ કરી રહ્યા છે, અને એટલા માટે જ અલગ અલગ કર્મ ભોગવી રહ્યા છે, તો આપ કેવી રીતે કહો કે આ બધા એક જ છે? દરેકનું જન્મ-મરણ, કર્મફળ અલગ અલગ સ્થાન પર, અલગ અલગ સમય પર અથવા વિવિધ રીતે, ભિન્ન ભિન્ન થાય છે, તો કેવી રીતે માની શકાય કે બધા આત્માઓ એકબીજાથી અભિન્ન જ છે? એક આત્માને મહાત્મા અને બીજાને પાપાત્મા કહેવાય છે કારણકે એના ગુણોમાં તથા આચરણમાં ભિન્નતા છે તો પછી બધા એક આત્મા કેવી રીતે થયા? અને જ્યારે સામાન્ય આત્માની સરખામણીમાં ઉચ્ચ આત્માઓને મહાત્મા કહેવાય છે તો સર્વોચ્ચ આત્માને પરમાત્મા કહેવામાં શું આપત્તિ છે? અને જો સર્વશ્રેષ્ઠ આત્માને પરમાત્મા કહેવું યુક્તિયુક્ત છે તો તો આત્માનું અનેક હોવું સિધ્ધ જ છે કારણકે આત્માઓને અનેક માનવાથી જ ''મહાત્મા'', ''શ્રેષ્ઠ'', ''પરમાત્મા'' વગેરે કહી શકાય છે.

આપની અને મારી વચ્ચે જે વાત ચાલી રહી છે તેનાથી પણ સિદ્ધિ છે કે મંતવ્ય અલગ છે, કર્તવ્ય અલગ છે, સ્વભાવ અલગ છે. અને આ એકબીજાના ખુશખબર પૂછવાનો પણ રિવાજ છે. કારણ કે એક ક્ષેમકુશળ હોવાથી બીજો કુશળ નથી તે સિદ્ધ થાય છે. દરેકની અવસ્થા પણ અલગ અલગ હોય છે. એટલે કે દરેક રીતે એમ જ સિદ્ધ થાય છે કે આ સૃષ્ટિ એક વિરાટ ખેલ છે. એમાં અનેક આત્માઓ છે. અને તેના જુદા જુદા કર્તવ્યો છે. અને પરમાત્મા શબ્દ તે વિશેષ આત્માનો વાચક છે જેનું ક્યારેક અમંગલ કે અકુશળ થતું નથી. પરંતુ તે બીજાનું પણ કલ્યાણ કરવાને કારણે ''શિવ'' કહેવાય છે. એટલે જ ''પરમપિતા'' તથા ''પરમશિક્ષક'' અને ''પરમસદ્‌ગુરુ'' પણ કહેવાય છે. એટલે જ લોકો તેમનું ગાયન કરતાં કહે છે કે -

त्वमेव माता च पिता त्वमेव ।
त्वमेव बन्धुश्च सखा त्वमेव ॥
त्वमेव विद्या द्रविणं त्वमेव ।
त्वमेव सर्वं मम देव देव ॥

બીજા લોકો તેમને ‘‘પરમપુરુષ’’, ‘‘પુરુષોત્તમ’’ અને ‘‘પરમાત્માન્’’ વગેરે નામ આપે છે અને ઓમ નમો શિવાય વગેરે વંદનાસૂચક શબ્દોથી પણ ઇશારો મળે છે કે તેઓ પરમાત્માને જ કલ્યાણકારી, સ્મરણીય, ઉપાસના કરવા યોગ્ય યોગનો આધાર, લક્ષ્ય અથવા ધ્યેય માને છે. તો પછી આપ આત્માને પરમાત્માથી અભિન્ન કેવી રીતે સમજો છો?

## શું ભેદ ફક્ત નામ-રૂપાત્મક છે? તત્ત્વ એક છે?

અદ્વૈત વેદાન્તી : વાસ્તવમાં આ જેટલી વાતો આપે કરી તે ભ્રમ અથવા અજ્ઞાન પર આધારિત છે. આ તત્ત્વજ્ઞાનથી વિપરીત છે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ તો બધું એક જ છે. બીજું કશું છે જ નહિ. હું આ વાત થોડા દૃષ્ટાંતો દ્વારા રજૂ કરું છું. આપ કાચના રમકડાનો જ દાખલો લો. ભીની માટીને મશીનમાં નાંખીને તેમાંથી હાથી, ઘોડો, રાજા, મહેલ, વગેરે બનાવવામાં આવે છે. હવે આ બધાનું રૂપ અલગ અલગ છે પરંતુ આ બધાનું તત્ત્વ તો એક જ છે. ચિનાઇ માટી સિવાય તો આ બીજું કશું છે જ નહિ. એનો કોઇ આધાર કે અસ્તિત્વ જ નથી. આ રમકડામાં જે તફાવત છે તે નામરૂપનો છે. તેઓનું તત્ત્વ તો એક જ છે. જે મનુષ્ય આના ભિન્ન ભિન્ન નામરૂપ જોઇને તેમને અલગ માને છે તે ભૂલ કરે છે. તત્ત્વજ્ઞાની આના તત્ત્વને જાણે છે અને એ દૃષ્ટિએ તેને એક જ માને છે. આપ એ પણ માનશો કે આખરે એક દિવસ આ બધાના નામરૂપ તો નષ્ટ થવાના જ છે અને અંતે તત્ત્વ જ બાકી રહેશે. અર્થાત્

જે ચીનાઈ માટીમાંથી આ રમકડા બન્યા છે, ફક્ત તે જ રહેશે. એ જ એક છે જે આ બધા જ રમકડામાં છે અને એ જ બધાનો આધાર છે. આ રીતે આ જે અનેક નામરૂપવાળા જીવ-પ્રાણી આપણને દેખાય છે એ પણ વાસ્તવમાં તત્ત્વની દૃષ્ટિએ એક છે. એમાં ફક્ત નામરૂપનો જ ભેદ છે અને એને એ ભેદ પણ અલ્પસ્થાયી અથવા વિનાશી છે. એમની અવિનાશી સત્તા તો એક આત્મા જ છે.

એવી જ રીતે કપડાના એક જ તાકામાંથી કોટ, ખમીસ, પાયજામો અને ધોતિયું વગેરે અનેક વસ્ત્રો બનાવવામાં આવે છે. એટલે કે આના પણ નામરૂપ વગેરે અલગ છે અને આનો ઉપયોગ પણ જુદો જુદો છે. છતાં પણ તેનું મૂળ તત્ત્વ તો એક કાપડ જ છે. આવા બીજા પણ અનેક દૃષ્ટાંતો આપી આ સિધ્ધ કરી શકાય છે કે આત્મા જ એકમાત્ર અવિનાશી તત્ત્વ છે. અને એ આત્માથી અલગ બીજુ કશું જ નથી. પરમાત્મા પણ આપણાથી અલગ કોઈ વસ્તુ નથી. અને ઉપાસક-ઉપાસ્ય પૂજ્ય-પૂજારી કે સાધ્ય અને સાધક વગેરેનો તફાવત ફક્ત કાલ્પનિક છે અથવા તે અજ્ઞાનતાને કારણે છે.

## ગુણોનો ભેદ અનેકતા જ સિધ્ધ કરે છે.

શિવયોગી : કાચના રમકડાનો જે દાખલો આપ્યો વાસ્તવમાં તો તે દાખલો પણ બરાબર નથી. કારણકે તે કાચના રમકડામાં આપણે જોઈએ છીએ કે નામરૂપનો તફાવત છે પરંતુ ગુણોનો ભેદ નથી. પરંતુ સંસારમાં જે જીવ-પ્રાણી છે એમાં ફક્ત નામરૂપનો તફાવત નથી પરંતુ ગુણ, કર્મ, સ્વભાવ, પ્રભાવ, કર્મ, ભોગ, મંતવ્ય વગેરે વગેરેનો પણ થોડોઘણો તફાવત જરૂર હોય છે. કોટ, પાયજામો, ખમીસ કે ધોતિયામાં પણ ગુણોનો ભેદ નથી. એના ગુણો પણ કપડાના ગુણો જેવા જ છે. અને આપસમાં પણ એક સમાન છે, પરંતુ આપણે સંસારમાં જોઈએ

છીએ કે એક માતાપિતાના બે પુત્રોમાં પણ સમાન ગુણ નથી કે ન તેઓનું ભાગ્ય સમાન છે. સંસારમાં બધાનું સ્થાન અને માન પણ એક નથી. કોઈ મહાન છે, કોઈ સામાન્ય છે. કોઈ મોટો છે કોઈ નાનો. બધાને એક જ માનવાથી તો મર્યાદા પણ ખતમ થઈ જાય. અનુશાસન, નિયંત્રણ, વ્યવસ્થા અને વ્યવહાર પણ ન થઈ શકે. તત્ત્વ એક છે જ નહિ તો પછી ભેદ શું કામ નહિ માનવો?

અદ્વૈત વેદાન્તી : નાના-મોટાનો તફાવત ફક્ત ડીગ્રીનો તફાવત છે. આ કોઈ વાસ્તવિક તફાવત નથી. દા.ત. માટીમાંથી કોઈ કુંભાર ઘડો, લોટો, પ્યાલો વગેરે બનાવે. હવે આમાં ઘડો મોટો છે, પ્યાલો નાનો છે. પરંતુ આ નાનામોટાનો ભેદ ક્ષણિક છે. તથા આ કેવળ ડીગ્રીનો ભેદ છે, તત્ત્વ તો બન્નેનું એક માટી છે. તત્ત્વની દૃષ્ટિએ તેમનામાં ભિન્નતા નથી જયારે બન્નેનું નામરૂપ મટી જાય છે અને ડીગ્રી પણ નષ્ટ થઈ જાયત્યારે બન્નેની માટીમાં આપ કોઈ પણ પ્રકારનો તફાવત નહિ બતાવી શકો અને એ ન કહી શકો કે આ માટી ઘડાની છે. અને આ માટી પ્યાલાની છે. માટી તો એક જ છે. આ પ્રમાણે આત્મા અથવા તત્ત્વ તો એક જ છે. ભિન્નતા ફક્ત માનરૂપ ડીગ્રીને કારણે જ છે કે જે અવિનાશી નથી. એટલે કે સત્યં પદાર્થ અથવા અવિનાશી પદાર્થ તો એક ''આત્મા જ છે. આત્માઓ અનેક નથી અને અનેક સિધ્ધ થઈ પણ ન શકે. હા, સંસારમાં વ્યવહારની દૃષ્ટિએ ફરક છે પરંતુ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ કોઈ ભેદ નથી.

શિવયોગી : ખોટી વાતને સિધ્ધ કરવામાં જેટલા પણ દ્રષ્ટાંત આપવામાં આવે છે એમાં કોઈ ને કોઈ ભૂલ તો જરૂર રહે છે. આ જ પ્રમાણે તમે જે દૃષ્ટાંત આપ્યું એ પણ ખોટું છે. આપે ઘડો, લોટો, પ્યાલો વગેરેનું જે દૃષ્ટાંત આપ્યું છે એ દૃષ્ટાંતમાં પણ બધીજ વસ્તુઓ માટીની જ તો બનેલી છે કે જે ફક્ત સત્ય વસ્તુ છે પરંતુ તે સત્ ચિત નથી. અર્થાત્ તે ચૈતન્ય સ્વરૂપ નથી. એટલે કે લોટા અને પ્યાલામાં કેવળ

સત્યના જ નાના અને મોટા રૂપનો ભેદ છે. તેમાં ચેતનાનો ભેદ નથી, અનુભવનો ભેદ નથી, અર્થાત્ કોઈ મૌલિક ભેદ નથી. એ જ વસ્તુઓનું આપે ફરીથી દૃષ્ટાંત આપ્યું જેમા ફક્ત રૂપનું જ નાનું, મોટું, આવું એ ભેદ છે, પહેલાં પણ તમે જે કાચના રમકડાનું દૃષ્ટાંત આપ્યું હતું તેમાં રૂપોનું નામ ભિન્ન ભિન્ન હતું. અર્થાત્ કોઇનું નામ હાથી, ઘોડો અને કોઈનું રાજા હતું. અને હવે રૂપોની લંબાઈ-પહોળાઈ અલગ-અલગ છે. છતાં પણ દૃષ્ટાંત રૂપની ભિન્નતા વિષે છે. પરંતુ તેના મૌલિક સ્વભાવોની ભિન્નતા વિષે નથી. આપણે જે આત્માઓની અનેકતાની વાત કરીએ છીએ કે તેની મૌલિક ભિન્નતાના આધાર પર કહીએ છીએ, તેના નામ કે રૂપની ભિન્નતા (વિવિધતા) ઉપર નથી. એટલે કે આપના દૃષ્ટાંતમાં એ ખામી છે કે આપના મત મુજબ ભિન્નતા નામ રૂપ અંગે જ છે જ્યારે કે આપણે સંસારમાં જીવ (શરીર) રૂપે જોઈએ છીએ કે તેમના નામરૂપી ભિન્નતા તો તે દૈહિક ભિન્નતા છે પરંતુ જીવાત્માઓમાં પારસ્પરિક ભિન્નતા તો તેમની ચેતનામાં, * અર્થાત્ તેમની અનુભૂતિમાં, તેમના મનમાં, તેમની બુધ્ધિમાં, વૃત્તિમાં, તેમના મૂળભૂત મંતવ્યોમાં ભિન્નતાને કારણે છે.

આત્માઓમાં નામ-રૂપની ભિન્નતા તો છે જ નહિ કારણકે એ બધાનું નામ ''આત્મા'' અને રૂપ જ્યોતિબિન્દુ અથવા ''જ્યોતિકલા'' છે વિવિધતા તો તેના સ્વભાવ તથા સંસ્કારોમાં છે જેના પરિણામ સ્વરૂપ તેઓને શરીર પણ જુદા જુદા રૂપોવાળા મળે છે.

તે સંસ્કારો વિચારોની વિવિધતા જ મૌલિક વિવિધતા છે. આપના દૃષ્ટાંતમાં બીજી ખામી એ છે કે એમાં જે ઘડો, લોટો, પ્યાલો

* આગળ આ લેખમાં સ્પષ્ટ કર્યું છે કે મન-બુદ્ધિ-આત્માની જ ચૈતન્ય શક્તિ છે, તે પ્રકૃતિકૃત નથી.

વગેરેનું વર્ણન છે તે સત્ય પદાર્થ નથી પરંતુ સત્ય પદાર્થ ફક્ત માટી અથવા પ્રકૃતિ જ છે જેમાં એ તૂટ્યા પછી મળી જાય છે. અને એકરૂપતાને પ્રાપ્ત કરે છે. પરંતુ આત્મા તો સત્ય છે તે ઘડા, પ્યાલો, લોટો વગેરેની જેમ નષ્ટ નથી થતો અને તેના ગુણ, કર્મ, સ્વભાવ, પ્રભાવ, ફળ ભોગવવું વગેરેમાં જે અંતર છે તે પણ અવિનાશી છે કારણકે આત્માઓનું અસ્તિત્વ અનાદિ અને અવિનાશી છે. જે ઘડો, લોટો, પ્યાલો વગેરેનું દૃષ્ટાંત તમે આપ્યું છે. જો એ બધાનું પોતપોતાનું અસ્તિત્વ અનાદિ અવિનાશી હોત અને જો તેમના ગુણોમાં પણ તફાવત હોત તો તેમના નામરૂપનો ભેદ કે નાના મોટાનો ભેદ કે તેમના અસ્તિત્વની ભિન્નતા પણ અનાદિ અને અવિનાશી હોત તો તમે તેને એક ન માનત પરંતુ ખરેખર તે ઘડો, લોટો, પ્યાલો વગેરે સત્ય પદાર્થો નથી અર્થાત્ અનાદિ અવિનાશી નથી અને તેમનો તફાવત પણ ફક્ત નામરૂપનો છે. તથા રૂપ જ નાના મોટા થવાનો ભેદ નથી એટલે જ આપ કહો છો તે તત્ત્વની દૃષ્ટિએ એક છે. આપ કોઈ એવી વસ્તુનું દૃષ્ટાંત આપો કે જે અવિનાશી હોય અને તેનામાં કોઈ મૌલિક સ્વભાવભેદ હોય અનેતેનાથી તમારો સિધ્ધાંત દૃઢ થતો હોય. એનું દૃષ્ટાંત આપને હજાર પ્રયોગ કરવા છતાં પણ નહિ મળે. એટલે કે મારું કહેવું તો એમ છે આત્માઓ કે જે અનાદિ કે અવિનાશી છે એટલે તે અનેક છે અને જુદા જુદા છે અને તેમાં જે સર્વશ્રેષ્ઠ છે તેને જ ''પરમાત્મા'' કહેવાય છે.

# આત્માઓ અનેક અને પરમાત્મા એક છે

## પરમાત્મા બ્રહ્મ નથી પરંતુ બ્રહ્મધામના વાસી છે

### સંવાદ-૨

અદ્વૈત વેદાન્તી - હું કહું છું કે વાસ્તવમાં આત્માઓ અનેક નથી કે નથી તેમાં કોઈ ભિન્નતા. આ સૃષ્ટિમાં અનેક નામરૂપવાળા જીવોમાં કેવળ ભ્રમને કારણે જ આપણને અનેકતા પ્રતીત થાય છે. ખરી રીતે જોઈએ તો આ અનેકતા નથી. આ વાતને હું એક દૃષ્ટાંતથી સ્પષ્ટ કરીશ. માનો કે એક મનુષ્ય રસ્તા પર જઈ રહ્યો છે. સાંજનો સમય છે, રસ્તા પર થોડુંક અંધારું છે. તે મનુષ્યે રસ્તામાં એક દોરડું જોયું અને તેને સાપ સમજીને ડરી ગયો. હવે દોરડું તે વાસ્તવમાં મનુષ્ય ને કરડનાર વસ્તુ કે જે ઝેરી નથી અને તેનાથી ડરવાની કોઈ આવશ્યક્તા નથી હોતી. પરંતુ ભ્રાંતિને કારણે જ મનુષ્ય તેને સાપ સમજી બેસે છે. અને મનુષ્યની ભ્રાંતિનું કારણ છે અંધારું તેને અંધારા તથા ભ્રાંતિને કારણે દોરડામાં સાપ દેખાય છે. અર્થાત્ જે વસ્તુ વાસ્તવમાં નથી તે દેખાય છે. આ જ પ્રમાણે મનુષ્યને અવિદ્યા રૂપી અંધકારને કારણે જ ભ્રાંતિ છે અને આ ભ્રાંતિને કારણે જ તે જીવાત્માઓમાં અનેકતા અને ભિન્નતા જુએ છે, જે વાસ્તવમાં છે નહિ પરંતુ દેખાય છે અર્થાત્ થાય છે. આ વાત છીપ અને ચાંદીના દૃષ્ટાંતથી સાબિત કરી શકાય. અંધારામાં મનુષ્ય માર્ગમાં પડેલી કોઈ છીપને ચાંદી સમજીને ઉઠાવે છે અને મનમાં વિચાર કરે છે કે હું આમાંથી ઘરેણાં બનાવીશ. પરંતુ એ ચાંદી માત્ર પ્રતીતિ છે. વાસ્તવમાં તો તે છીપલું જ છે અને તેનાથી ઘરેણાં બની ન શકે. આ જ પ્રમાણે સંસારમાં જે અનેકરૂપતા અને વિવિધતા દેખાય છે. આ પણ ભ્રાંતિ અને અજ્ઞાનતાને કારણે જ છે આ વાસ્તવિક્તા નથી. જયારે મનુષ્યને જ્ઞાન અથવા વિદ્યારૂપી પ્રકાશ પ્રાપ્ત થાય છે ત્યારે તેની ભ્રાંતિ જતી રહે છે અને તેને વાસ્તવિક જ્ઞાન થઈ

જાય છે અને ત્યાં તેને અનેકરૂપતા અને વિવિધતા પ્રતીત થાય છે. માટે હું કહી રહ્યો હતો કે આત્મા એક જ છે. આ જે કાંઈ વ્યક્ત કે અવ્યક્ત છે અથવા ભિન્ન રૂપો દેખાય છે તે બધું બ્રહ્મ જ છે. આ ભિન્ન રૂપો જે દેખાય છે તે પ્રતીતિ માત્ર જ છે. વાસ્તવિક નથી. તે આત્મા અથવા બ્રહ્મ અનંત જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. તે બ્રહ્મની માયા-શક્તિને કારણે જ અલગ અલગ જીવ દેખાય છે. જ્યારે જીવાત્માઓને તત્ત્વજ્ઞાન થાય છે ત્યારે તે માયાના પ્રભાવથી મુક્ત થાય છે અને ત્યારે તેને બ્રહ્મ સિવાય બીજું કશું જ નથી દેખાતું. કશું જ અલગ નથી લાગતું.

## દૃષ્ટાંત પર વિચાર

શિવયોગી : આપે જે દૃષ્ટાંતો આપ્યા છે તે તો આપના સિધ્ધાંતથી વિરુધ્ધ છે. આપ જરા આના પર નિષ્પક્ષ ભાવથી વિચાર કરશો તો જણાશે કે આપના દૃષ્ટાંતોથી તો આત્માની અનેકતા અને પારસ્પરિક ભિન્નતા જ સિધ્ધ થાય છે.

દૃષ્ટાંત પર વિચાર કરવાથી આપ માનશો કે ભ્રમ ત્યારેજ શક્ય છે જ્યારે બે વસ્તુ હોય અને તેમાં કાંઈક સમાનતા હોય. જો એક ચીજ હોય તો ભ્રમ થઈ જ ન શકે. દા.ત. જો સંસારમાં કેવળ દોરડું જ હોય અને સાપ નામના કોઈ જીવ હોય જ નહિ. તો કોઈ પણ મનુષ્યને દોરડામાં સાપની પ્રતીતિ અથવા ભ્રમ થાય જ નહિ અથવા સંસારમાં સર્પ હોય પણ દોરડા જેવી કોઈ વસ્તુ જ ન હોત તો પણ મનુષ્યને સાપમાં દોરડાનો ભ્રમ ન થઈ શકે. ભ્રમ ત્યારે જ થાય જ્યારે સંસારમાં ક્યાંક સર્પ પણ હોય અને દોરડું પણ હોય. જો એક બ્રહ્મ સિવાય સંસારમાં બીજું કશું હોય જ નહિ, જેમ આપ માનો છો તો તો ભ્રમ કે ભ્રાંતિ થાય જ નહિ. ભ્રાંતિ તો ત્યાં જ થઈ શકે જ્યારે ઓછામાં ઓછી બે વસ્તુ હોય જેમકે દૃષ્ટાંતમાં સર્પ પણ છે અને દોરડું પણ છે અને

અલગ-અલગ વસ્તુઓ છે. હવે જો આપ ફક્ત એક બ્રહ્મ તત્ત્વને જ માનો છો અને બીજું કશું માનતા જ નથી તો તો તમારું દૃષ્ટાંત બને જ નહિ, કારણકે હું પહેલાં જ સ્પષ્ટ કરી ચૂક્યો છું કે એક તત્ત્વથી તો ભ્રાંતિ થઈ શકે જ નહિ.

બીજી વાત કે ભ્રમને માટે ફક્ત સાપ અને દોરડું બેની જ જરૂર નથી પરંતુ એ પણ જરૂરી છે કે જે મનુષ્યને ભ્રમ થાય છે તેણે બન્ને વસ્તુ પહેલાં જોયેલી હોવી જોઈએ. દા.ત. કોઈ મનુષ્યે સંસારમાં દોરી જોઈ હોય પરંતુ સાપને કોઈ પણ વખત જોયો ન હોય તેને દોરીમાં સાપની ભ્રાંતિ નહિ હોય અર્થાત્ જો કોઈને ભ્રમ થઈ રહ્યો હોય કે આત્માઓ અનેક છે તો આ ભ્રમથી પણ સિધ્ધ થાય છે કે પહેલાં પણ તેણે અનેક આત્માઓ જોયા છે. સમજ્યા છે અથવા અનુભવ કર્યા છે નહિ તો જો એક સિવાય તેણે બીજી વસ્તુ જોઈ, જાણી કે અનુભવી ન હોય તો તેને બીજાનો ભ્રમ પણ ન થઈ શકે. અનાદિ કાળથી આત્માઓ અનેક અને ભિન્ન - ભિન્ન છે., જો અનાદિકાળથી આત્મા અલગ છે તો હંમેશા અલગ અલગ રહેશે. એટલે આનાથી પણ આપના સિદ્ધાંતનું ખંડન થાય છે.

ત્રીજું ભ્રમ કોને કહેવાય? બ્રહ્મ કે જીવાત્માને? આપના પોતાના મંતવ્ય અનુસાર બ્રહ્મને તો ભ્રમ હોવો જ ન જોઈએ. કારણ કે આપ સ્વયં કહો છો કે બ્રહ્મ અનંત છે અને જ્ઞાન તથા આનંદ સ્વરૂપ છે. એટલે કે જેનામાં અનંત જ્ઞાન છે તેને તો ભ્રમ હોવો જ ન જોઈએ. કારણ કે જ્યાં પ્રકાશ હોય છે ત્યાં અંધારું ટકી શકે નહિ. જેનામાં અનંત જ્ઞાન છે ત્યાં માયા, અવિદ્યા અથવા ભ્રમ ટકી જ ન શકે. જો આપ કહો કે બ્રહ્મને તો ભ્રમ નથી હોતો પરંતુ જીવાત્માઓને પ્રેમ હોય છે. તો આ દલીલ પણ આપના મંતવ્ય પ્રમાણે વિરુધ્ધ છે કારણ કે આપ તો કહો

છો કે જીવાત્મા પણ બ્રહ્મથી અલગ નથી અને એક બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહિ એટલે તમારું કહેવું બરાબર નથી કારણ કે બ્રહ્મને તો ભ્રમ હોવો જ ન જોઈએ. (કારણ કે આપના કહવા અુનસાર તે અનંત જ્ઞાનવાન છે અને બ્રહ્મ સિવાય બીજું કોઈ છે જ નહિ. જેને ભ્રમ થાય)

ચોથું જો આપના કહેવા પ્રમાણે માની લઈએ કે ભ્રમ જીવાત્માઓને હોય છે તો પણ આ માન્યતા આપના સિધ્ધાંતથી એટલા માટે વિરુધ્ધ છે કે આપ તો આત્માઓને અલગ અલગ માનતા જ નથી. ઊલટું આપ તો કહો છો જયારે બ્રહ્મને ભ્રમ થાય છે ત્યારે બ્રહ્મ સ્વયંને અલગ અલગ આત્મા માને છે. એટલે એક તરફ એમ કહેવું કે આત્માઓને ભ્રમ થાય છે અને બીજી તરફ એમ કહેવું કે આત્માઓ ત્યારે જ અનેક લાગે છે જયારે બ્રહ્મને ભ્રમ થાય છે - આ તો દોષપૂર્ણ એકબીજા પર આધારિત તર્ક છે અને તે પણ બન્ને પરિસ્થિતિઓમાં અનેક આત્માઓ તો સિધ્ધ થાય છે જ. એટલે સત્ય સિધ્ધાંત તો એ જ થયો કે આત્માઓ અનેક છે.

પાંચમું - હું આપને પૂછું છું કે જેને આપ અનંત જ્ઞાન અને આનંદ સ્વરૂપ બ્રહ્મ માનો છો તે સમસ્ત જ માયાથી પ્રભાવિત તથા આચ્છાદિત થાય છે કે તેનો થોડો ભાગ જ માયાના પ્રભાવમાં છે? જો આપ એમ કહેતા હો કે સમસ્ત બ્રહ્મ માયાથી આચ્છાદિત અથવા પ્રભાવિત છે ત્યારે તો તમારા કથનથી સિધ્ધ થયું કે આખા બ્રહ્મને માયાને કારણે ભ્રમ છે અને તો તો તેને અનંત જ્ઞાન અને આનંદ સ્વરૂપ માનવું ખોટું છે. જો આપ કહો કે તેનો થોડોક જ ભાગ પ્રભાવિત છે અને તે જ સ્વયં ભ્રાંતિ અથવા અજ્ઞાનતાને કારણે અલગ અલગ જીવાત્મા માની રહ્યા છે તો તો બ્રહ્મ અનંત અને અખંડ છે, અને તેનો થોડોક ભાગ જ્ઞાનવાન થયો. અને એવી સ્થિતિમાં બ્રહ્મનું કોઈ સ્થાયી

લક્ષણ અથવા તેમની સ્થાયી પરિભાષા (Definition ) પણ નહીં હોય. ફરીથી જોઈએ કે બ્રહ્મનો જે ભાગ માયાના પ્રવાહમાં છે. જો તે ભાગ ડોલતો રહે અર્થાત્ ચલાયમાન થતો હોય તો જ્યાં જ્યાં તે નહિ હોય ત્યાં ત્યાં બ્રહ્મ અજ્ઞાનરહિત અથવા માયારહિત હશે. આ પ્રમાણે કયા દેશમાં માયાતીત બ્રહ્મ છે એ કશું જ નિશ્ચિત નહિ હોય.

અને આપનું તો જ્ઞાન લેવું અને પુરુષાર્થ કરવું પણ વ્યર્થ જશે કે જો આપ જ્ઞાન પ્રાપ્ત કરીને ભ્રમમુક્ત બની જાઓ અને સ્વયં ને બ્રહ્મ માનીને તેનો અનુભવ કરો છો તો શરીરમુક્ત થયા બાદ આપ જે સ્વયં બ્રહ્મ છો, આપ ફરીથી પણ માયાથી આવેષ્ટિત અથવા પ્રભાવિત થઈ શકો, એટલે શી ખાતરી કે આજે બ્રહ્મમાં લીન થયા બાદ કાલે જ આપ ફરીથી ભ્રમના પ્રભાવમાં નહિ આવો. કારણ કે આપ પહેલાં પણ માયા દ્વારા પ્રભાવિત થઈ ગયા હતા? આ પ્રકારે આપ જોઈ શકશો કે ન તો આપનો સિધ્ધાંત ટકે છે કે ન તો આપનું દૃષ્ટાંત કે આપનો પુરુષાર્થ.

આના ઉપરાંત પૂછું છું કે આપ માયા કોને કહો છો? આપ માયાથી ક્યારે પ્રભાવિત થયા? અથવા બ્રહ્મ માયાથી શા માટે પ્રભાવિત થાય છે? અથવા બ્રહ્મ, માયા કે ભ્રમ દ્વારા જીવોને જન્મ-મરણના ચક્કરમાં શા માટે નાખે છે?

અદ્વૈત વેદાન્તી : માયા બ્રહ્મની એક શક્તિ છે. જેના દ્વારા બધા મોહિત અથવા ભ્રમિત બને છે અને જેના પ્રભાવથી આ અનેકતા ભાસે છે. અને માયાના વિષે વધુ કાંઈ જ નથી કહી શકતા. એ તો અનિર્વચનીય છે. જીવાત્માઓ અનાદિ કાળથી એના પ્રભાવ નીચે છે. કારણ કે અમે એમ ન કહી શકીએ કે તે ક્યારે આના પ્રભાવમાં આવ્યા અને બ્રહ્મે તો એકથી અનેક થવા માટે અને આ ખેલ અથવા લીલા રચવા માટે આ બધી જાદુગરી કરી છે. માયા બ્રહ્મથી નથી પરંતુ બ્રહ્મ

જ માયાવી છે અર્થાત્ માયાશક્તિવાળું છે.

શિવયોગી : આપે હમણાં જે કાંઈ કહ્યું એના પર વિચાર કરો. જો જીવાત્માઓ અનાદિ કાળથી માયાના પ્રભાવમાં છે અને અજ્ઞાનમાં છે તો તે અનંતકાળ સુધી રહેશે જ કારણ જે અનાદિ છે તે અનંતકાળ સુધી રહેશે જ અને ત્યારે તો અજ્ઞાનથી છૂટવાનો પ્રયત્ન કરવો પણ વ્યર્થ છે. અને બ્રહ્મ જો મનુષ્યને માયામાં અથવા ભ્રમમાં નાખનાર છે તો પછી જીવાત્માઓને છોડાવનાર કોણ છે? તો તે જ બ્રહ્મ કરતાં વધુ પ્રિય અને શ્રેષ્ઠ કહેવાય ! પરંતુ આપ તો બ્રહ્મથી અલગ બીજું કશું માનતા જ નથી ! આનો અર્થ તો એમ થયો કે બ્રહ્મ ચંચળ છે અને બીજાને ભ્રમમાં નાખીને તમાશો કરે છે. કદાચ તે ભ્રમને કારણે દુઃખી પણ હોય. વળી તમે કહો છો કે માયા વિષે પણ વધુ કહી શકાય નહિ. આ રીતે તો આપનું જ્ઞાન જ મિથ્યા છે કારણ કે તે ભ્રમ પર આધારિત છે અને અધૂરું છે. અને જેને આપ બ્રહ્મ, પરમાત્મા અથવા આત્મા કહો છો તેની નિંદા કરનારું છે અને મનુષ્યનો શ્રેષ્ઠ પુરુષાર્થ છોડાવનારું છે.

અદ્વૈત વેદાન્તી : સારું, ત્યારે હવે આપ જ બતાવો કે માયા શું છે? બ્રહ્મ શું છે? જીવાત્મા કોને કહેવાય અને પરમાત્માની સત્તા અલગ કેવી રીતે છે? અને પરમાત્મા કોણ છે?

## માયા શું છે?

શિવયોગી : વાસ્તવમાં માયા સ્વરૂપ - વિસ્મૃતિ અથવા કામ. ક્રોધ, લોભ, મોહ, અહંકારનું નામ છે. માયા એ ઈશ્વર-શક્તિ નથી. પરંતુ અનાદિ અને અવિનાશી જીવાત્મા પોતાની અલ્પજ્ઞતાને કારણે તથા શરીર અને વિષય-પદાર્થોના સંગને કારણે સ્વરૂપની વિસ્મૃતિ થતાં પોતાને દેહ સમજવા માંડે છે અને દેહભિમાનને વશીભૂત થઈ વિષય-વિકારોમાં ભટકવાં લાગે છે. તેની એ આત્મિક - વિસ્મૃતિ અથવા તેનું દેહઅભિમાન જ માયા છે. આનાથી જ મનુષ્યને દુઃખ થાય

છે. પરમાત્મા માયાવી નથી. તે તો જ્ઞાનના સાગર, શાંતિના સાગર, આનંદના સાગર અને સર્વશક્તિમાન છે અને મનુષ્યાત્માઓને માર્ગદર્શન કરી માયાથી મુક્ત કરાવનાર હોવાને કારણે શિવ કહેવાય છે.

તે શિવજ્યોતિસ્વરૂપ, માયાતીત, જ્યોતિ-બિન્દુ, અનાદિ અને અવિનાશી છે, અને બ્રહ્મલોકના વાસી છે. ત્યાંથી તે ધર્મગ્લાનિના સમયે અવતરિત થઈ મનુષ્યોને વાસ્તવિક ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ શિખવાડે છે. બ્રહ્મ તત્ત્વ આત્માઓથી પણ અલગ છે. અને પરમપિતા શિવથી પણ અલગ છે, તે તો બ્રહ્મલોકમાં વ્યાપક એક અખંડ જ્યોતિતત્ત્વ છે જેમાં આત્માઓ નિર્વાણ અવસ્થામાં રહે છે અને પરમપિતા પરમાત્મા પણ ત્યાં વાસ કરે છે એટલે બ્રહ્મ એટલે કે પરમાત્મા ધામ (પરમધામ) અને ધામી વચ્ચે જડ અને ચેતન જેટલો ફરક છે. આત્મા એક નથી પરંતુ અનાદિકાળથી અનેક છે અને ભિન્ન ભિન્ન ગુણ- કર્મ-સ્વભાવવાળા છે. આ બધી વાતોને બરાબર રીતે સમજીને આપણે પરમધામ અથવા બ્રહ્મલોકનાવાસી પરમપિતા પરમાત્મા શિવ સાથે યોગયુક્ત થઈએ છીએ અર્થાત્ તેઓની સ્મૃતિમાં સ્થિત થવાનો અભ્યાસ (પુરુષાર્થ) કરીએ અને તેમની પાસેથી આધ્યાત્મિક શક્તિ તથા શાંતિ લઈએ છીએ અને માયા પર વિજય પ્રાપ્ત કરીએ છીએ. પરંતુ આપે તો બધાને એક જ કરી દીધા છે. અને પરમાત્માને પણ માયાવી કહો છો. આમોટી ભૂલ છે, આપ પરમાત્માને આત્માથી અલગ જ નથી માનતા તો વાસ્તવિક યોગનો અભ્યાસ કેવી રીતે કરશો. અને યોગઅભ્યાસ વિના પૂર્વજન્મોના વિકર્મો પણ દગ્ધ ન થઈ શકે. આપ તો જીવાત્માઓનેજ અલગ અલગ નથી માનતા. પરંતુ અમે તો કહીએ છીએ કે જીવાત્માઓ સત્યજ્ઞાનની પ્રાપ્તિ અને વાસ્તવિક યોગના અભ્યાસથી પવિત્ર અને દિવ્યગુણસંપન્ન હશે પરંતુ છતાં પણ તે અલગ અલગ જ રહેશે કારણ કે તેની પવિત્રતા તથા દિવ્ય ગુણોની

પરકાષ્ઠા પણ અલગ અલગ હશે. પરંતુ આપ એ ભૂલમાં છો કે બ્રહ્મ એક તત્ત્વ છે અને આપ પણ બ્રહ્મ છો. હવે આપ આ ભ્રમને છોડીને વાસ્તવિક યોગનો અભ્યાસ કરો અને કોઈક કર્મ કરો. પિતા પરમાત્માને ન માનવા એ નાસ્તિકતા છે. હવે આપ આનાથી બચો.

અદ્વૈતવેદાન્તી : આપની વાત યુક્તિ દ્વારા સિધ્ધ તો થાય છે જ. વિવેક તેને ઘણી હદ સુધી માને પણ છે. યોગના અભ્યાસ દ્વારા સ્થાયી આનંદ પ્રાપ્ત કરવા માટે મારા મનમાં પ્રબળ ઈચ્છા પણ છે. પરંતુ મારા મનમાં કેવળ એક પ્રશ્ન ઊઠે છે શું પરમાત્મા નામરૂપવાળા હોઈ શકે ખરા? જેમ આપે હમણાં જ બતાવ્યું 'આપણે આત્માઓ' છીએ. 'શિવ' અથવા પરમાત્મા પરમસત્તા છે. આ વિચાર તો મારા મનમાં પહેલાં પણ ઉઠતો હતો પરંતુ પરમાત્મા જો અવિનાશી છે. અને સર્વશક્તિમાન છે, ત્રણે કાળમાં રહેનાર છે તો તે શું જ્યોતિબિન્દુ અથવા જ્યોતિર્લિંગમ્ હોઈ શકે? આપે હમણાં જ કહ્યું તે અંગે પ્રશ્ન મારા મનમાં ચાલી રહ્યો છે. એક બીજી વાત એ પણ વિચારી રહ્યો છું કે આત્માઓના સંસ્કારો, વિચારો વગેરેમાં જે મૌલિક વિવિધતા આપ કહી રહ્યા છો તે તો મન-બુધ્ધિ અંતઃકરણ વગેરેને કારણે છે કે જે પ્રકૃતિકૃત છે. જ્યારે આત્મા આનાથી મુક્ત થઈ જાય છે. ત્યારે તો આ અંતર રહેતું જ નથી. ત્યારે તો આત્માઓ સમાન અથવા એક જ થઈ જાય છે અર્થાત્ લીન થઈ જાય છે. અને બીજી વાત એ છે કે જો આત્મા અલગ-અલગ છે તો तत्त्वमसि અને सोहम् વગેરેનો અર્થ શું?

## પરમાત્માને અલગ માનીને યોગ કરો.

શિવયોગી : પરમાત્માનું રૂપ જ્યોતિબિન્દુ હોઈ શકે અને છે. વાત પોતાના અનુભવના આધાર પર તથા દિવ્ય દૃષ્ટિ દ્વારા પ્રાપ્ત ભગવત્ સાક્ષાત્કારોના આધાર પર કહીએ છીએ અને આ વાતને ઘણા દૃષ્ટાંતો આપીને સિધ્ધ કરી શકાય. શુભચિંતક બની અમે એટલું જરૂર

કહીશું કે પરમપિતા પરમાત્માને જાણીને તેમની સાથે યોગયુક્ત થવાનો પુરુષાર્થ અવશ્ય કરો, નહિ તો સદ્‌ગતિ પ્રાપ્ત નહીં થાય. બધા જ આત્માઓ આપસમાં ભાઈભાઈ છે. પરમાત્મા જ આપણા બધાના પિતા છે. તેમના દ્વારા આપણને સંપૂર્ણ પવિત્રતા, સુખ અને શાંતિનો વારસો પ્રાપ્ત થઈ શકે છે. એટલે પરમાત્માને સ્વયંથી પૃથક (જુદા) ન માનવા અથવા પિતા ન માનવા એ તો તેઓની સંપત્તિથી વંચિત અને પોતાનું અકલ્યાણ કરવા બરાબર છે. "सर्व खल्विदं ब्रह्म "સિધ્ધાંતથી વધી દૈવી મર્યાદા જ નષ્ટ થઈ ગઈ છે. હવે આ મિથ્યા મતને છોડીને શિવમત પર ચાલો. ભગવાનનું શરણ લો તો આપ મુક્તિ અને જીવનમુક્તિના ભાગી બનશો.

આ ઉપરાંત હું આપને એ વાત સ્પષ્ટ કરીશ કે મનબુધ્ધિ વગેરે પ્રકૃતિકૃત નથી અને આત્માથી અલગ પણ નથી. અને આત્મા પરમાત્મામાં લીન પણ નથી થતો. પરંતુ આપ સાધારણ વિવેક દ્વારા વિચારો કે આપ જો મન-બુધ્ધિને આત્માથી અલગ અને પ્રકૃતિકૃત માનશો ત્યારે પણ આપનો એ સિધ્ધાંત કે 'એક આત્મા અથવા બ્રહ્મ સિવાય બીજું કાંઈ છે જ નહિં' ખંડિત થઈ જશે. અને જો આપ મન-બુધ્ધિને આત્માથી અભિન્ન માનશો અર્થાત્ આત્માની જ વિચારશક્તિને મન માનશો અને સંસ્કાર પણ આત્મામાં સમાયેલા (merged ) માનશો તો પછી આત્માઓને અલગ અલગ માનવા પડશે કારણ કે બધાના સંસ્કાર અલગ અલગ છે અને ત્યારે તો તેમનું એકબીજામાં લીન થવું પણ અસંભવ થશે કારણ કે આદિકાળથી ઉત્પન્ન ભિન્ન સંસ્કારોવાળા આત્માઓ એકબીજામાં કેવી રીતે લીન થઈ શકે? અને તેને કેવી રીતે અવિનાશી કહેવાય?

વળી તત્ત્વમસિ કે સોઽહમ્‌નો એ અર્થ નથી જે આપ લો છો.

પરમપિતા પરમાત્મા શિવ જ્યારે અવતરિત થાય છે. અને મનુષ્ય આત્માઓને જ્ઞાન આપે છે, તેઓ સમજાવે છે કે આત્માઓ પહેલાં પવિત્ર હતા અને ફરીથી તેને પવિત્ર બનવાનું છે. આ જ રહસ્યને 'તત્ત્વમસિ અર્થાત્ તમે (આત્મા) પહેલાં પવિત્ર હતાં' આ શબ્દો દ્વારા વ્યક્ત કર્યુ છે. અને આ સમજીને આત્મા પોતાના આદિ સ્વરૂપને પવિત્ર માની પવિત્ર બનવાનો પુરુષાર્થ કરે છે, આ રહસ્ય સોડહમ્ અર્થાત્ 'હું એ જ આત્મા છું, જેનું આદિ સ્વરૂપ પવિત્ર હતું' આ શબ્દ દ્વારા જ વ્યક્ત કર્યુ છે. હવે આપ આ બધા જ રહસ્યોને સમજીને યોગ દ્વારા ફરીથી પવિત્ર બનવાનો અભ્યાસ કરો.

અદ્વૈત વેદાન્તી : બરાબર છે હું આ વિશે વધારે મનન કરીશ. મને આપની વાત ઘણી જ ગમી છે અને મારા મનમાં પણ બેસે છે. યોગની અભિલાષા તો મને છે જ ને આજના વાર્તાલાપથી ઘણો જ લાભ થયો અને રહસ્ય સ્પષ્ટ થયું. હું પણ આ યોગ શીખીશ સારું ત્યારે ધન્યવાદ!

શિવયોગી : ધન્યવાદ! ઓમ્ શાન્તિ --

ભગવાન કહે છે :

# હું એક છું

પરમાત્માના સ્વરૂપને વિષે મનુષ્યોની અલગ અલગ કલ્પનાઓ રહી છે. આજે પણ સંસારમાં જેટલાં મનુષ્યો છે પરમાત્મા વિષે એટલા જ મત છે. પરંતુ સ્વયં સત્યસ્વરૂપ પરમાત્મા પોતાના વિષે શું કહે છે? વાસ્તવમાં તે જ જાણવા અને માનવા યોગ્ય છે. નીચે અમે એમનો જ મત રજૂ કરીએ છીએ.

---

* આ માટે ''યોગની વિધિ અને સિદ્ધિ'' નામના પુસ્તકમાં 'મનનું મહત્ત્વ' આ લેખ વાંચો.

ભગવાન કહે છે - 'પ્રિય બાળકો ! હું એક છું પરંતુ મારા કથનનો કેટલાક લોકોએ ઊંધો અર્થ લઈ લીધો છે કે સંસારમાં જેટલા પણ જીવ-પ્રાણી છે એ બધા ભગવાનના જ જુદા જુદા રૂપ છે. આમ તેઓ માને છે. આત્મા અને પરમાત્મા એક જ છે, બે નથી. બન્નેમાં કોઈ ભેદ નથી. તેઓ કહે છે બધા જીવ પ્રાણીઓ આપણા જ નિજાત્મા છે.પરંતુ હે બાળકો ! તેઓની આ માન્યતા બિલકુલ ખોટી છે કારણ કે એ તો સ્પષ્ટ જ છે કે દરેક આત્માઓ જુદા જુદા ગુણ, કર્મ, સ્વભાવ અને પ્રારબ્ધવાળા છે. તે એક નથી પરંતુ અનેક છે : હું એક છું. મારા આ કથનનો ભાવ (અર્થ) એ છે કે લૌકિક જન્મ લેનાર લૌકિક કર્મ કરનાર, સુખ-દુ:ખ ભોગવનાર, માયાને વશીભૂત થનાર, અલ્પજ્ઞ, અસમર્થ, ઈચ્છા, તૃષ્ણા અને રાગદ્વેષવાળા અત્માઓ અનેક છે. અનેએ બધાથી ન્યારો હું એક જ છું. લૌકિક જન્મ-મરણ રહિત, સુખ-દુ:ખમાં ન આવનાર, લૌકિક કર્મ ન કરી દિવ્ય કર્મ જ કરનાર, માયાતીત, જ્ઞાનના સાગર, પ્રેમના સાગર, સર્વશક્તિમાન, ઈચ્છા તથા રાગદ્વેષ રહિત, હું પરિપૂર્ણ પરમાત્મા એક જ છું. મારા જેવું બીજું કોઈ નથી. બીજા બધા જીવ પ્રાણી રચના છે, હું રચયિતા ફક્ત એક જ છું અન્ય બીજા આત્માઓ મારી અવિનાશી સંતતિ છે. તેમનો અવિનાશી માતા-પિતા હું એક જ છું. જયારે બીજા બધા માયા અને દુ:ખના બંધનમાં બંધાઈ જાય છે, એ બંધનોથી બધાને છોડાવનાર હું સદા મુક્ત પરમાત્મા એક જ છું. હું એક જ 'શિવ' અર્થાત્ કલ્યાણકારી છું. બીજા બધાનું કલ્યાણ મારા દ્વારા જ થાય છે.

એટલે પરમાત્મા એક છે. (God is one ) આનો આ અર્થ લેવો કે કૂતરો, બિલાડી, સર્પ, વીંછી, ચોર-લૂંટારા, સાધુ, ઠગ, બધા એક ભગવાનના જ રૂપ છે, બિલકુલ ઊંધો અર્થ લીધા બરાબર છે, કારણ કે વાસ્તવમાં તો આ બધા વિવિધ સંસ્કારો કર્મો અને પ્રારબ્ધવાળા

આત્માઓ છે અને હું એ બધાથી સારો છું. હું બધા મનુષ્યોનો પરમપૂજ્ય છું. જીવ પ્રાણી અનેક છે નર-નારી અનેક છે, સાધુ-સંત અનેક છે, દેવી-દેવતા પણ અનેક છે, પરંતુ દેવોનો દેવ હું પરમાત્મા કે જે આ બધા થી પરમ છું, એક જ છું. આ બધા સાકાર અથવા વ્યક્ત આત્માઓ મારું રૂપ નથી. હું એમનાથી અલગ નિરાકાર જ્યોતિસ્વરૂપ,જન્મ-મરણથી ન્યારો, જ્યોતિબિન્દુ શિવ એક જ છું. જેની પૂજા ભારતવાસી શિવલિંગના રૂપમાં કરે છે. વત્સો, આ સંસારમાં આપ જુઓ છો કે એક વ્યક્તિ બીજાને દુઃખ પણ આપે છે, એક લૂંટારો બીજાનું ધન લૂંટી લે છે, એક હત્યારો બીજાનું ખૂન કરે છે, એક કૂતરો કોઈ મનુષ્યને કરડે છે એટલે બધાને 'નિજાત્મા' માનવા અથવા બધાને ભગવાનના જ વિભિન્ન રૂપ માનવા એ ભૂલ છે, કારણ કે જો બધા 'નિજાત્મા' હોત તો દુઃખ ન આપત. (આત્મા પોતાને દુઃખ આપવાનું નથી ઈચ્છતો પણ સુખ ઈચ્છે છે.) અને ભગવાન બધાનું કલ્યાણ કરનાર તથા સર્વશ્રેષ્ઠ ગુણ, કર્મ સ્વભાવવાળા છે. એટલે સાપ, વીંછી, ચોર લૂંટારા વગેરેને ભગવાનનું રૂપ માનવું એ તો ભગવાનને ન જાણવાને કારણે ભૂલથી શયતાનને ભગવાન માનવા બરાબર છે.

## "હું એક જ છું" ના વિશે બીજી ખોટી માન્યતા

ભગવાન કહે છે - વત્સો, કેટલાક લોકોએ મારા આ કથનનો આ ભાવ લીધો છે કે "પરમાત્મા તો એક જ છે પરંતુ બીજા બધા આત્મા પરમાત્માના અંશ છે" તેઓ માને છે કે જેમ સાગરમાં પરપોટા ઉત્પન્ન થાય છે અથવા લહેરો ઉત્પન્ન થાય છે તેવી રીતે બધા આત્માઓ પરમાત્મામાંથી નીકળ્યા છે. અને બધા તે પરમાત્મામાં જ લીન થઈ જશે. પરંતુ હે બાળકો ! વાસ્તવમાં આ ધારણા પણ ખોટી જ છે કારણ કે આત્માઓને પરપોટા સમાન માનવા એ તો તેને અવિનાશી ન માનવાની ભૂલ કરવા બરાબર છે આ ઉપરાંત એમ માનવું કે તેનો અંશ


અથવા ટુકડા થાય છે. માનો પરમાત્માને પણ વિનાશી માનવા સમાન છે. જો આ પ્રકારે પરમાત્મા અસંખ્ય આત્માઓના રૂપમાં અંશીભૂત થઈ જાય તો તો 'પરમાત્મા' નામનું તો કોઈ અસ્તિત્વ જ નહીં રહ્યું? એટલે બધા આત્માઓ, આત્માઓ જ રહેશે. હે બાળકો ! સાગરના પરપોટામાં તો સાગર જેવા જ ગુણો હોય છે પરંતુ આત્માઓ તો પરમાત્મા સમાન સર્વજ્ઞ, પૂર્ણ પવિત્ર, સદામુક્ત, દુઃખ, સુખથી ન્યારા કે કર્માતીત નથી. એટલે આત્માઓને અંશ માનવા અજ્ઞાન છે. હું એક છું. મારા આ કથનનો વાસ્તવિક ભાવ તો એ છે કે બધા આત્માઓ મારા વંશ છે અને બધાનો પિતા હું એક છું. દુઃખહર્તા, સુખકર્તા હું એક છું. હું સ્વયં અંગભૂત થઈને માયાથી મોહિત કે પતિત નથી બનતો પરંતુ આત્માઓ રૂપી વંશ જયારે પતિત બની જાય છે ત્યારે તેમને પાવન કરનાર હું પરમાત્મા એક જ છું એટલે "હું એક છું" નો સાચો અર્થ એ છે કે હું પતિત - પાવન એક છું. હું સદ્ગતિદાતા એક છું, દેવોનો દેવ એક છું, ક્યારેય પણ પતિત ન થનાર, અજ્ઞાન અથવા તમોગુણથી પ્રભાવિત ન થનાર જ્ઞાનનો સાગર એક જ છું. આમ તો બધા જ આત્માઓ પણ જયોતિબિન્દુ રૂપ છે પરંતુ ત્રણે લોકોમાં જેટલાં પણ આત્માઓ છે તેનો નાથ હું એક શિવ છું.

## "હું એક છું" ના વિશે ત્રીજી માન્યતા

બાળકો "હું એક છું" આનો કોઈ ખોટો અર્થ લે છે કે અનેકાનેક આત્માઓમાં એક જ પરમાત્મા સર્વ વ્યાપક છે. તેઓ કહે છે સ્થાવર, જંગમ, ચૈતન્ય, અચૈતન્ય, અખંડ રૂપથી બધામાં વ્યાપક હોવાને લીધે જ પરમાત્મા એક છે. પરંતુ વાસ્તવમાં તેમની આ માન્યતા ખોટી છે કે કારણ કે હું સર્વમાં વ્યાપક નથી પરંતુ હું પરમધામનો વાસી છું. જયાંથી હું આ સૃષ્ટિ પર ધર્મગ્લાનિના સમયે અવતરિત થાઉં છું. હે બાળકો ! હું બધામાં વ્યાપક હોત તો બધા જ

પ્રાણીઓ આનંદ, શાંતિ અને પ્રેમ વગેરેથી પરિપૂર્ણ હોત. પરંતુ આપ જાણો છો કે વાસ્તવમાં આવું નથી. એટલે કે કૂતરા, બિલાડી, સાપ, મગરમચ્છમાં, હિંસક વાઘમાં તથા હત્યારા ડાકુમાં પણ મને વ્યાપક માનવો, મને ન માન્યા બરાબર છે. આ બધામાં તો આત્માઓ વ્યાપક છે, હું તો એ બધાથી ન્યારો છું અને અધર્મ તથા આસુરી સંપ્રદાયનો વિનાશ કરનાર અને ધર્મ તથા દૈવી સંપ્રદાયની સ્થાપના કરનાર છું. મને તો સર્વોચ્ચ કહ્યો છે અને હું બધાનો માતા-પિતા છું, ન કે બધામાં વ્યાપક તત્ત્વ. બધી જ યોનિયોમાં મને માનવો એ તો માનો કે મારી ગ્લાનિ કર્યા બરાબર છે. એટલે હું એક છું મારા આ કથનનો વાસ્તવિક ભાવ એ જ છે કે અન્ય બધા આત્માઓ તો દેહધારી છે, તે કોઈને કોઈ યોનિમાં જન્મ લે છે. પરંતુ અયોનિ અથવા સ્વયંભૂ, અશરીરી અને અકાય કેવળ હું એક જ છું. બધા જ આત્માઓ કોઈને કોઈ ધર્મજન્ય દેહ જરૂર લે છે, પરંતુ હું એક જ કર્માતીત છું એટલે હું એક જ એવો આત્મા છું જે પોતાનું કોઈ શરીર નથી લેતો.

બાળકો 'હું એક છું' આ રીતે મારા મહાવાક્યનો સત્ય અર્થ જાણીને બધાએ મારું જ શરણ લેવું જોઈએ કારણ કે મારાથી (પિતાશ્રી) સંપૂર્ણ પવિત્રતા, સુખ-શાંતિનો વારસો પ્રાપ્ત થઈ શકે છે. मामेकं शरणं व्रज શબ્દોમાં મારી જે આજ્ઞા વ્યક્ત થાય છે. એનું પાલન કરવામાં જ મનુષ્ય આત્માઓનું કલ્યાણ છે. ઊલટું સ્વયંને ભગવાનનું જ રૂપ માનવાથી સ્વયંને એક જ પરમાત્માનો અંશ માનવાથી કે સ્વયંમાં એક પરમાત્માને વ્યાપક માનવાથી મનુષ્ય ન તો મારા એક પરમપિતાથી મુક્તિ અને જીવનમુક્તિ રૂપી ઈશ્વરીય જન્મસિધ્ધ અધિકાર પ્રાપ્ત કરી શકે છે.


हड्डी मांस का पुतला
आप आत्मा हैं
YOU ARE A SOUL
जीवात्मा
आत्मा
SOUL
मन
MIND
बुद्धि
INTELLECT
संस्कार
RESOLVES
SKELTION OF BONES
& FLESH
HUMAN BEING
जैसे ड्राईवर मोटर का नियन्त्रण करता है
उसी प्रकार आत्मा शरीर का नियन्त्रण करती है
शरीर रूपी मोटर BODY-THE MOTOR
SOUL THE DRIVER
आत्मा-ड्राइवर
AS THE DRIVER CONTROLS THE
MOTOR,SOUL CONTROLS THE BODY